RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 286* Date: 12.08.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નારી તુ નારાયણીઃ જસ્ટિસ અરૂણ મિશ્રાની બેંચનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

## પિતાની સંપત્તિમાં દીકરીઓ દીકરા જેટલી જ હકદારઃ સુપ્રીમ

*ન્યુ દિલ્હી,તા.૧૧*

સુપ્રીમ કોર્ટે મહિલાઓના હકમાં એક મોટો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું કે પિતાની પૈતૃક સંપત્તિમાં દિકરા-દિકરીનો બરાબર હક છે. થોડો પણ ઓછો નથી. તેમણે કહ્યું કે દિકરી જન્મની સાથે જ પિતાની સંપત્તિમાં બરાબરની હકદાર થઇ જાય છે. દેશની સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે આજે સ્પષ્ટતા કરી દીધી કે ભલે પિતાનું મૃત્યુ હિન્દુ ઉત્તરાધિકાર (સંશોધન) કાયદા, ૨૦૦૫ લાગૂ થયા પહેલાં થયો હોય છતાંય દિકરીને માતા-પિતાની સંપત્તિ પર અધિકાર હશે.



સુપ્રીમ કોર્ટે એ વાત પર જોર આપ્યું કે પિતાની પૈતૃક સંપત્તિમાં દિકરીને પોતાના ભાઇથી જરાય ઓછો હક નહીં. તેમણે કહ્યું કે જો દિકરીનું મૃત્યુ પણ ૯ સપ્ટેમ્બર ૨૦૦૫થી પહેલાં થયું હોય તો પણ પિતાની પૈતૃક સંપત્તિમાં તેનો હક બની રહે છે. તેનો મતલબ એ થયો કે જો દિકરીના બાળકો ઇચ્છે તો પોતાની માતાના પિતા (નાના)ની સંપત્તિમાં હિસ્સો મેળવવાનો દાવો ઠોકી શકે છે. તેમને પોતાની માતાના અધિકારી તરીકે નાનાની પૈતૃક સંપત્તિમાં હિસ્સો મળશે.

**પહેલાં નિયમ શું હતો?**

હિન્દુ સેકશળન એક્ટ, ૧૯૫૬મા વર્ષ ૨૦૦૫મા સંશોધન કરીને દિકરીઓને પૈતૃક સંપત્તિમાં સમાન હિસ્સો મેળવવાનો કાયદાકીય અધિકાર આપ્યો. તેના અંતર્ગત દિકરી ત્યારે પોતાના પિતાની સંપત્તિમાં પોતાના હિસ્સાનો દાવો કરી શકે છે જ્યારે પિતા ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ સુધી જીવતા રહ્યા હોય. જો પિતાનું મોત આ તારીખથી પહેલાં થઇ ગયું તો દિકરીને પૈતૃક સંપત્તિ પર કોઇ અધિકાર લાગશે નહીં. જ્યારે સુપ્રીમ કોર્ટે તેને બદલતા કહ્યું કે પિતાના મૃત્યુ સાથે તેને કોઇ લેવા-દેવા નથી. જો પિતા ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ના રોજ જીવતા નહોતા તો પણ દિકરીને તેની પૈતૃક સંપત્તિમાં અધિકાર મળશે. એટલે કે ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ની પહેલાં પણ પિતાનું મોત થવા છતાંય દીકરીનો હમવારિસ થવાનો અધિકાર છીનવાશે નહીં.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદા દ્વારા સ્પષ્ટતા કરી દીધી છે કે ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ની પહેલાં જો કોઇ પિતાનું મૃત્યુ થઇ ગયું હોય તો પણ દિકરીઓને સંપત્તિમાં દિકરાની બરાબર હિસ્સો મળશે. સુપ્રીમ કોર્ટની ટિપ્પણી અગત્યની છે કે દિકરીઓ આખી જિંદગી માતા-પિતાને પ્રેમ કરનારી હોય છે. એક દિકરી પોતાના જન્મથી મૃત્યુ સુધી માતા-પિતા માટે પ્યારી દિકરી હોય છે. જ્યારે વિવાહ બાદ દિકરાઓની નિયત અને વ્યવહારમાં ફેરફાર આવે છે પરંતુ દિકરીઓની નિયતમાં નહીં. વિવાહ બાદ પણ દીકરીઓનો પ્રેમ માતા-પિતા માટે વધુ વધી જાય છે. આ કેસમાં આ દ્રષ્ટિથી સુપ્રીમ કોર્ટનો નિર્ણય એ છે કે જ્યારે આખી દુનિયામાં છોકરીઓ છોકરાની બરાબર પોતાની હિસ્સેદારી સાબિત કરી રહી છે એવામાં માત્ર સંપત્તિના મામલામાં તેની સાથે આ મનમાની અને અન્યાય ના થાય. જસ્ટિસ અરૂણ મિશ્રાની બેન્ચે આ ચુકાદો આપતા સ્પષ્ટતા કરી દીધી કે દિકરીઓને દિકરાની બરાબર સંપત્તિમાં હિસ્સો મળશે. દિકરી આજીવન હમવારિસ જ રહેશે ભલે પિતા જીવતા હોય કે ના હોય. એટલે કે નારી શક્તિ મજબૂત કરવાનો વધુ એક રસ્તો સ્પાષ્ટ થશે.

## રશિયાએ બનાવી કોરોનાને મ્હાત આપતી રસીઃ પુતિનને દિકરીને રસી અપાઈ

*મૉસ્કો,તા.૧૧*

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિને મંગળવારના રોજ જાહેરાત કરી હતી કે, તેમના દેશે કોરોના વાયરસની પહેલી વેક્સીન બનાવી લીધી છે. વ્લાદીમીર પુતિને દાવો કર્યો હતો કે, આ દુનિયાની પહેલી સફળ કોરોના વાયરસ વેક્સીન છે, જેને રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલયની મંજૂરી મળી ગઈ છે. એટલું જ નહીં, પુતિને કહ્યું હતું કે, તેમની દીકરીએ પણ આ વેક્સીન લીધી હતી.



રિપોર્ટ મુજબ આ વેક્સીનને મોસ્કોના ગામેલ્યા ઇન્સ્ટિટ્યૂટે ડેવલપ કરી છે. મંગળવારના રોજ રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલયે આ વેક્સીનને સફળ જાહેર કરી હતી. આ સાથે જ વ્લાદીમીર પુતિને જાહેરાત કરી છે કે, રશિયામાં ટૂંક સમયમાં જ આ વેક્સીનનું પ્રોડક્શન શરૂ કરી દેવામાં આવશે અને મોટી સંખ્યામાં આ વેક્સીનનો ડોઝ બનાવવામાં આવશે.

વ્લાદીમીર પુતિને જણાવ્યું હતું કે, તેમની દીકરીને કોરોના વાયરસ થયો હતો અને ત્યાર બાદ તેને આ નવી વેક્સીન આપવામાં આવી હતી. થોડા સમય માટે તેનું તાપમાન વધ્યું હતું, પરંતુ હવે તે બિલકુલ ઠીક છે.

રશિયાના રક્ષા મંત્રાલયનું કહેવું છે કે, રશિયાના સૈનિકોએ હ્યુમન ટ્રાયલ એટલે કે માનવીય પરિક્ષણમાં વોલન્ટિયર્સના રૂપમાં કામ કર્યું છે. દાવો છે કે, પરિયોજનાના નિદેશક એલેક્ઝેન્ડર ગિન્સબર્ગે પોતે આ વેક્સીન લીધી છે. રશિયાએ એક મહિના પહેલા સંકેત આપ્યા હતા કે તેઓ વેક્સિન ટ્રાયલમાં સૌથી આગળ છે અને ૧૦થી૧૨ ઓગસ્ટ વચ્ચે વેક્સિન રજીસ્ટર્ડ કરાવી લેશે. જોકે આ વેક્સિન અંગે અમેરિકા અને બ્રિટન રશિયા પર ભરોસો કરતા નથી. રશિયા પર વેક્સિનનો ફોર્મ્યુલા ચોરી કરવાના આરોપ પણ લાગી રહ્યા છે. રશિયાએ કહ્યું-દરેક જરૂરી ટ્રાયલ કરવામા આવ્યા છે.

### કોરોનાનો મૃત્યુદર ૧.૯૯ પર પહોંચી ગયો

## કોરોના સંકટઃ ૨૪ કલાકમાં ૫૩,૬૦૧ પોઝિટિવ કેસ, ૮૭૧ના મોત

**કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૨૨,૬૮,૬૭૫ થયો,અત્યાર સુધીમાં કોરોના વાયરસથી કુલ ૪૫,૨૫૭ લોકોએ જીવ ગુમાવ્યાં**

*ન્યુ દિલ્હી,તા.૧૧*

ભારતમાં ચેપગ્રસ્ત કોરોના વાઇરસની સંખ્યા ૨૨.૬૮ લાખને વટાવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૩,૬૦૧ નવા કેસ નોંધાયા હતા. આ સાથે દેશભરમાં કોરોના ચેપના સક્રિય કેસ ૬,૩૯,૯૨૯ પર પહોંચી ગઇ છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મંગળવારે જાહેર કરેલા આંકડા મુજબ, દેશભરમાં કોરોના ચેપને કારણે અત્યાર સુધીમાં ૪૫,૨૫૭ લોકોનાં મોત નીપજયાં છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૧ લોકોનાં મોત થયા છે.

તાજેતરના આંકડા મુજબ, દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૨૨,૬૮,૬૭૬ જેટલા સંક્રમણના કેસ નોંધાયા છે. કુલ ચેપગ્રસ્ત લોકોમાંથી, ૧૫,૮૩,૪૯૦ લોકો પણ સ્વસ્થ બન્યા છે.



મળતી માહિતી મુજબ કોરોના સંક્રમણથી સૌથી વધુ અસરગ્રસ્ત પાંચ રાજયોમાં મહારાષ્ટ્ર, તામિલનાડુ, દિલ્હી, કર્ણાટક અને આંધ્રપ્રદેશ છે. તેમાંથી મહારાષ્ટ્ર (૫,૨૪,૫૧૩) ટોચ પર છે. તે પછી તામિલનાડુ (૩,૦૨,૮૧૫), આંધ્ર પ્રદેશ (૨,૩૫,૫૨૫), કર્ણાટક (૧,૮૨,૩૫૪) અને દિલ્હી (૧,૪૬,૧૩૪) છે. સંક્રમણથી સૌથી વધુ મોત પણ મહારાષ્ટ્ર (૧૮,૦૫૦)માં થઇ છે. તે પછી તામિલનાડુ (૫,૦૪૧), દિલ્હી (૪,૧૩૧), કર્ણાટક (૩,૩૧૨) અને ગુજરાત (૨,૬૭૨) છે. કોરોના રોગચાળા વચ્ચે એક દિવસમાં (૧૦ ઓગસ્ટ), કોવિડ -૧૯માં ૬,૯૮,૨૯૦ લોકોની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે ૧૦ ઓગસ્ટ સુધીમાં કુલ ૨,૫૨,૮૧,૮૪૮ લોકોની તપાસ કરવામાં આવી હતી.કોરોના વાયરના કેસના આંકડામાં દુનિયામાં અમેરિકા સૌથી ટોચ પર છે, અહીં ૫૦,૮૯,૪૧૬ લોકો વાયરસના સંપર્કમાં આવ્યા છે જયારે ૧,૬૩,૪૨૫ દર્દીઓના મોત થઈ ગયા છે. જયારે બીજા નંબર પર બ્રાઝિલ છે જયાં ૩૦,૫૭,૪૭૦ દર્દીઓને વાયરસને ચેપ લાગ્યો છે અને ૧,૦૧,૭૫૨ લોકોના મોત થઈ ગયા છે. ત્રીજા નંબર પર ભારત આવે છે જોકે, મૃત્યુઆંકની દષ્ટીએ ભારત ચોથા નંબર છે, આ પહેલા મેક્સિકો (૫૩,૦૦૩) આવે છે. પુડુચેરીના બે કેબિનેટ મંત્રી કંડાસામી અને કમલકન્નનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મુખ્યમંત્રી વી.નારાયણસામીએ કહ્યું હું તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરોના ટેસ્ટ કરાવવાની અપીલ કરું છું.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ ૧૧૧૮**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૩૨૩૮**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૩**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૧૪૦**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૬૫૧૬**

## વ્હાઇટ હાઉસ બહાર ફાયરિંગ થતા ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સ અધ-વચ્ચે છોડવી પડી



*વૉશિંગ્ટન,તા.૧૧*

અમેરિકામાં રાષ્ટ્રપતિ આવાસ વ્હાઈટ હાઉસની બહાર ફાયરિંગ થવાના કારણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રેસ કોન્ફરન્સને અધૂરી છોડવી પડી હતી અને તેમને થોડા સમય માટે સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન અમેરિકી સિક્રેટ એજન્ટ્સે હથિયારબંધ શખ્સને કાબુમાં લઈ લીધો હતો. થોડા સમય બાદ ટ્રમ્પ પાછા ફર્યા હતા અને પ્રેસ કોન્ફરન્સમાં તેમણે ફાયરિંગની ઘટનાની પૃષ્ટિ કરી હતી.

સિક્રેટ સર્વિસ એજન્સી દ્વારા પણ ફાયરિંગની પૃષ્ટિ કરવામાં આવી છે. ટ્વિટમાં લખવામાં આવ્યું હતું કે, એક યુવકને સિક્રેટ એજન્ટ સાથે ૧૭ સ્ટ્રીટ અને પેન્સિલવેનિયા એવન્યુમાં વ્હાઈટ હાઉસના એક બ્લોકમાં ગોળીબારની ઘટના બાદ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. ટ્રમ્પે જણાવ્યું કે તેમને ગોળીબાર મામલે યુવકની ઓળખ કે તેના ઉદ્દેશ્યની જાણ નથી થઈ શકી. હજુ સુધી તે યુવકથી કયા પ્રકારનું જોખમ હતું તે જાણકારી પણ સામે નથી આવી. રાષ્ટ્રપતિ ટ્રમ્પને જયારે યુવક પાસે હથિયાર હતું તેવો સવાલ કરવામાં આવ્યો તો તેનો જવાબ તેમણે ‘હા‘ એવો આપ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે, વ્હાઈટ હાઉસ પરિસરમાં થયેલી ઘટનાનું આશ્ચર્ય થયું પરંતુ તેમને સેફ્ટી પ્રોટોકોલમાં કોઈ ખામી નથી લાગી.

હાલ વ્હાઈટ હાઉસ અને તેની આસપાસ સ્થિતિ નિયંત્રણમાં છે. અનેક વર્ષોથી વ્હાઈટ હાઉસની બહાર પ્રદર્શન કરી રહેલા ફિલિપોસ મોલાકુએ પોતે સાંજે ૫:૫૦ કલાકે ગોળીબારનો અવાજ સાંભળ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ ઘટના સ્થળે પોહંચી ગઈ હતી અને આસપાસના રસ્તા બ્લોક કરી દેવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીના કહેવા પ્રમાણે ગોળીબાર પહેલા ભારે અવાજ સાંભળવામાં આવ્યો હતો અને અનેક સિક્રેટ સર્વિસ એજન્ટ લોનમાં પોતાની પોઝિશન લેતા જોવા મળ્યા હતા.

આ ઘટના બાદ પોડિયમ પર પાછા આવેલા ટ્રમ્પ ખૂબ જ શાંત જણાઈ રહ્યા હતા. ફરીથી પ્રેસ કોન્ફરન્સ ચાલુ થઈ ત્યારે તેમને કોઈ ચિંતા થઈ તેવો સવાલ પુછવામાં આવેલો જેના જવાબમાં તેમણે ‘આ દુનિયા હંમેશા એક ખતરનાક જગ્યા રહી છે માટે આમાં કશું જ અનપેક્ષિત નથી‘ તેવો જવાબ આપ્યો હતો. ટ્રમ્પે પોતાના સિક્રેટ સર્વિસ એજન્ટ્સની પ્રશંસા કરતા કહ્યું કે, ખૂબ જ ઓછા સમયમાં તેમણે સ્થિતિ પર કાબુ મેળવી લીધો અને તેમની ઉપસ્થિતિમાં પોતે હંમેશા સુરક્ષિત, સહજ અનુભવ કરે છે.

### પંચે રાજદ અને લોજપાની ચૂંટણી મુલતવી રાખવાની વિનંતીને ફગાવી

## બિહારની ચૂંટણી નિર્ધારિત સમયે જ યોજાશેઃ ચૂંટણી પંચનો મોટો નિર્ણય

*ન્યુ દિલ્હી/પટના,તા.૧૧*

બિહારમાં કોરોના વાઇરસના બહાને અને વિનાશકારી પૂરના બહાને વિધાનસભાની ચૂંટણી લંબાઇ જશે એવી તમામ અટકળોનો છેડ ઊડાડતાં ચૂંટણી પંચે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે નિર્ધારિત સમયે બિહાર વિધાનસભાની ચૂંટણી થશે.

મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોરાએ કહ્યું હતું કે લોકોને અટકળો કરવાની છૂટ છે પરંતુ મને કહેવા દો કે બિહાર વિધાનસભાની ચૂંટણી નિર્ધારિત સમયે થશે. કોરોનાના પ્રસારને ધ્યાનમાં રાખીને પોલિંગ પેનલ ચૂંટણીની તૈયારી કરી રહ્યું હતું. કોરોનાનો ચેપ રોકવા માટે જરૂરી પગલાં લેવાની સૂચના લાગતા-વળગતા સૌને આપી દેવામાં આવી હતી. ચૂંટણી દરમિયાન પણ કોરોનાનો ચેપ રોકવા જે જરૂરી પગલાં લેવાં પડે એ લેવાની પણ પંચની તૈયારી હતી. સોશ્યલ ડિસ્ટન્સીંગ, માસ્ક વગેરે પગલાં કડક હાથે લેવાશે. બિહાર વિધાનસભાની ચૂંટણી સમયસર કરવા માટે ચૂંટણી પંચ, રાજય સરકાર અને તમામ જિલ્લા વહીવટી તંત્ર કમર કસીને કામ કરી રહ્યાં હતાં.

તેમણે કહ્યું કે લાલુ યાદવના રાજદ અને રામ વિલાસ પાસવાનના લોક જનશક્તિ પાર્ટીએ ચૂંટણી પંચને એવી વિનંતી કરી હતી કે રાજય વિધાનસભાની ચૂંટણી મુલતવી રાખવી.

લોક જનશક્તિ પક્ષે તો પંચને આ બાબતે પત્ર લખીને વિનંતી કરી હતી. એમણે એવી દલીલ કરી હતી કે અત્યારે ચૂંટણી કરવાથી લાખો લોકોનો જાન જોખમમાં આવી જઇ શકે છે એટલે અત્યારે બિહાર વિધાનસભાની ચૂંટણી યોજવી વાજબી નથી.

કોંગ્રેસના નેતા અખિલેશ પ્રસાદ સિંઘે પણ રવિવારે કહ્યું હતું કે અત્યારે બિહાર વિધાનસભાની ચૂંટણી માટે અનુકૂળ સમય નથી. પરંતુ આ બધી દલીલો ચૂંટણી પંચે સ્વીકારી નહોતી. ચૂંટણી પંચે અગાઉ તમામ રાજકીય પક્ષો પાસે ચૂંટણીના મુદ્દે સૂચનો મંગાવ્યા હતા અને ૩૧મી જુલાઇ સુધીમાં સૂચનો મોકલી આપવાનું કહ્યું હતું. પાછળથી આ મુદત ૧૧ ઑગષ્ટ સુધી લંબાવી હતી. પરંતુ સોમવારે તેમણે કહ્યું હતું કે બિહાર વિધાનસભાની ચૂંટણી નિર્ધારિત સમયે થશે.

**૧૨ ઓગસ્ટે જન્માષ્ટમીના દિવસ નિમિત્તે ગુજરાતી ન્યુઝ પેપર ‘ન્યુઝ ઓફ ગાંધીનગર’ કાર્યાલય રજા પાળશે જેને કારણે ૧૩ ઓગસ્ટનો અંક પ્રસિધ્ધ થશે નહી જેની સર્વે વાચક મિત્રોએ નોંધ લેવી.**

## તંત્રી સ્થાનેથી...

# રાજસ્થાનમાં ભાજપા ભેખડે ભરાયો કે શું.....? કોમનમેનને સીધી આર્થિક સહાય કેમ નહી.....?

દેશમાં કોરોના મહામારીના વધી રહેલા કેસોને લઈને વડાપ્રધાન શ્રી મોદીજીએ દેશના વધુ કોરોના સંક્રમિત કેસો ધરાવતા ૧૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરવાના છે દેશમાં અમેરિકાની નીતિ જેમ અખત્યાર કરતા દેશમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જઈ રહી છે... દેશમાં લોકડાઉનને લઈને કોરોના કેસોની સંખ્યા વધવા પામી નથી... પરંતુ દેશના અર્થતંત્રને પાટે ચઢાવવા પણ અતિ જરૂરી હતું તેથી સરકારે લોકડાઉન હટાવી ધીરે ધીરે છૂટ છાટો આપી પરંતુ અનેક લોકોની માસ્ક,ડિસ્ટન્સ સહિતની જરૂરી શરતોનો પાલન ન થતાં કોરોના વધુ ફેલાયો છે જે સ્વિકારવુ રહ્યુ.....!?તો કેન્દ્ર સરકારે જે મોટા આર્થિક પેકેજો વેપાર-ઉદ્યોગ- ધંધાને આપ્યા તેમાં દેશને કોઈ ફાયદો થયો નથી....! તો સરકારે સામાન્ય ધંધા-રોજગાર માટે ૨૦ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યુ પરંતુ તેનો લાભ લોકોને જોઈતો મળ્યો નથી કે પછી લોકો લોન લેવાથી દકર રહ્યા છે..... તો સરકારે છેવાડાના માનવી સુધી- ગ્રામ્ય વિસ્તારના લોકો- ખેડૂતોને કે શ્રમજીવીઓ, મજુર વર્ગ, મધ્યમવર્ગને સીધેસીધી કોઈ આર્થિક સહાય આપી જ નથી. જ્યારે કે વિશ્વના કેટલાક દેશોએ પોતાના નાગરિકોને સીધી જ તેમના બેંક ખાતામાં નાણાં જમા કરાવતા રહ્યા છે-સહાય આપી રહ્યા છે... અને આજે પણ આપી રહ્યા છે. જો કે અમેરિકાએ ત્યાંના નાગરિકોને આપવામાં આવતી સીધેસીધી આર્થિક સહાયમા કાપ મૂકી દીધો છે મતલબ સરકારોને પણ નાણાં સંકટ ઊભું થઈ ગયું છે.....! સરકારે ઉદ્યોગો, વેપાર-ધંધા, માર્કેટોને મોટી આર્થિક સહાય આપી પરંતુ તેનો લાભ મળ્યો નથી.... પરિણામે સરકારની ધારણા ખોટી પડી છે.....! તો સરકારના આર્થિક સલાહકારો તદ્દન નિષ્ફળ રહ્યા છે તેમ કહીએ તો તે ખોટું નથી.....!! અત્યારના સમયમાં કૃષિ ઉત્પાદનોએ દેશના કૃષિ સંકલિત ધંધા-રોજગાર, માર્કેટોમાં નાણાંકીય હેર ફેર લાવી દીધી છે. તેનો અનુભવ સરકારને થયો જ હશે ત્યારે તેના પરથી પાઠ લઈને કોમનમેનના બેંક ખાતામાં સીધે સીધી આર્થિક સહાય આપે તો તેના સારા પરિણામો મળવા શરૂ થઈ શકે છે... તે સાથે બજારમાં નાણાની હેર ફેર વધી જશે અને મંદીને નાથવા માટે સરકાર સફળ થઈ ?શકે છે.... પરંતુ કેન્દ્ર સરકાર કોમનમેનને એટલે કે શ્રમજીવી વર્ગ,રોજમદારો,મધ્યમ વર્ગને સીધે સીધી આર્થિક સહાય આપશે કે કેમ....? તે મોટો સવાલ છે.....!

રાજકીય ક્ષેત્રે ભાજપાએ કોંગ્રેસની બહુમતી ધરાવતી સરકારને પાડી દેવાના દાવ પેચ ખેલ્યા.... તો કેટલાક રાજ્યોમાં આંગળીના વેઢે ગણાય તેટલી સંખ્યામાં તેના ધારાસભ્યો ચૂંટાયા અને સરકારો બનાવી છે. તેની એવી કટ્ટરતા છે કે કોંગ્રેસને દેશમાંથી ઉખાડી ફેકવી છે.....! પરંતુ પહેલો ફટકો મિઝોરમ રાજ્યએ આપ્યો અને ભાજપાને ફટકો પડયો, ત્યાર બાદ મહારાષ્ટ્રમાં ફટકો પડયો. જો કે મહારાષ્ટ્ર સરકારને પાડી દેવાના દાવ શરુ થઈ ગયાની ચર્ચા છે.જ્યારે કે મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકારને પાડી દેવાના ભાજપા સફળ થયો.... પરંતુ રાજસ્થાનમાં ભાજપાને કોંગ્રેસની સરકારને પાડવા જતા પોતાના જ સભ્યો કોંગ્રેસ સાથે જતા રહેવાનું જોખમ ઊભું થઈ ગયું.....! અને ભાજપાના રાજકિય દાવ પેચમાં પોતાની સરકાર બચાવવા કોંગ્રેસને પોતાના ધારાસભ્યોને અન્ય રાજ્યોમાં સલામત સ્થાને લઈ જવા દોડા દોડી કરવી પડતી હતી એ જ હાલત અત્યારે રાજસ્થાન ભાજપા અને રાજનેતાઓની થઈ છે.....!

રાજસ્થાન રાજયના મુખ્યમંત્રી અશોક ગેહલોતે શાહ વાળા રાજકિય દાવ પેચ શરુ કરી દેતા ભાજપા માટે ×લેને કે દેને પડ ગયે× તેવી હાલત બની ગઈ છે. તો રાજસ્થાન ભાજપામા મધ્ય પ્રદેશ ભાજપાની જેમ બે છાવણીમાં વહેચાઈ ગયો છે.....! અને શિસ્તબદ્ધ કહેવાતી ભાજપા પાર્ટીની આબરૂનું ધોવાણ માત્ર રાજસ્થાન કે મધ્યપ્રદેશજ નહીં પરંતુ દેશભરમાં થઈ ગયું છે....! તેના અનેક કારણોમાં ભાજપાની સામ-દામ-દંડ-ભેદ દ્વારા કોઈપણ રીતે સત્તા હાંસલ કરવી અને તેમાં પણ મહારાષ્ટ્ર રાજયમા ખેલાયેલા રાજકિય દાવ પેચ,મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારને પાડી દેવાના દાવ પેચ,ત્યારબાદ રાજસ્થાન કોંગ્રેસ સરકારને પાડી દેવાનો દાવો આમ પ્રજા જોઈ રહી છે.તે સાથે લોકો ચર્ચાઓ સાથે સવાલ પણ કરે છે કે દેશમાં કોરોના મહામારી નાથવામા સફળ થયેલી ગેહલોત સરકારના મોદી જાહેરમાં વખાણ કરે છે...આને તેને પાડી દેવાના ખેલ,અત્યારના સમયે પ્રજા ભારે હાડમારી ભોગવી રહી છે ત્યારે પ્રજાના પ્રશ્નો ઉકેલવાના બદલે ભાજપા સત્તા ભૂખ સંતોષવા દોડી રહ્યો છે... શા માટે....? કેન્દ્રમાં ભાજપા સરકાર બનાવવા લોકોએ ભરપૂર મત આપ્યા પરંતુ ભાજપા સત્તા ભૂખ્યઘ છે તે હવે જોવા મળે છે... તેમ લોકો ચર્ચા કરી રહ્યા છે...તેમજ એવું પણ કહે છે કે લોકોએ આવું ધાર્યુ ન હતું કે સત્તાની આવી ભૂખ....?! તેવુ પણ ચર્ચાઈ રહ્યું છે....! ?
વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૧૨-૮-૨૦૨૦, બુધવાર, શ્રાવણ વદ-૮
સૂર્યોદય-૬-૨૩, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૭-૧૧,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્ર: ઘનિષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૨૨ થી લાભ-અમૃત-૯-૩૭ સુધી, ૧૧-૧૫ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૦૮થી ચલ-લાભ -૧૯-૨૪ સુધી, ૨૦-૪૬થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૩ સુધી

- શુભ હોરા-
૬-૨૨ થી ૮-૩૨ સુધી,૯-૩૭ થી ૧૦-૪૨ સુધી,૧૨-૫૩ થી ૧૬-૦૮ સુધી,૧૭-૧૩ થી ૧૮-૧૯ સુધી

# અરવલ્લી એલસીબી પોલીસે સીલેરીઓ કારમાંથી ૩૭ હજારના દારૂ સાથે ખેડા જીલ્લાના બે બુટલેગરોને દબોચ્યા



અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર નવનિયુક્ત એસપી સંજય ખરાટના આગમન પછી ગતિશીલ બન્યું હોય તેમ સતત વિદેશી દારૂ, જુગારીઓ, નાસતા ફરતા આરોપીઓને દબોચી રહી છે જીલ્લામાં હાલ તો અસામાજીક પ્રવૃતિઓ પર બ્રેક લગાવવામાં જીલ્લા પોલીસતંત્ર વાયબ્રન્ટ લાગી રહ્યું છે બુટલેગરો અંતરિયાળ માર્ગોનો ઉપયોગ કરી રાજયમાં વિદેશી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ બન્યા છે ત્યારે જીલ્લા એલસીબી પોલીસે ઈસરી પોલીસને ઉંઘતી રાખી શણગાલ ચોકડી નજીકથી સીલેરિયો કારમાં વિદેશી દારૂ ખેડા જીલ્લામાં પગ કરી જાય તે પહેલા બે બુટલેગરોને ૩૭ હજારના વિદેશી દારૂ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા . અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમે જીલ્લામાં બુટલેગરો અને જુગારિયો પર તવાઈ બોલાવી છે એલસીબી પોલીસે ઈસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી શણગાલ ચોકડી નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા રાજસ્થાન તરફથી પૂર ઝડપે આવતી સીલેરિયો કાર (ગાડી.નં-PB-08-DR-6485 ) ને અટકાવી તલાસી લેતા કારમાં પાછળના ચાના પેકેટની આડમાં સંતાડેલ વિદેશી દારૂ બોટલ નંગ -૭૪ કીં.રૂ.૩૭૨૦૦/- નો જથ્થો જપ્ત કરી ૧)જયેશ ફુલસિંહ ગઢવી અને ૨) વિક્રમ કોદરભાઈ વાઘેલા (બંને.રહે,ચારણના મુવાડા-ખેડા) ને ઝડપી પાડી સીલેરિયો કાર,મોબાઈલ, ચાના પેકેટ મળી કુલ રૂ.૩૫૦૯૩૫/-નો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનનો કુખ્યાત બુટલેગર ૧) ભરત ઉર્ફે ભરત લંગડો ભુરો ઉદાજી ડાંગી,૨) અંતોષ ઉર્ફે આશુતોષ દેવીલાલ રોત તથા ઠેકા પર રહેલો સોનુ નામના માણસ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# જન્માષ્ટમી જાયન્ટ્સ મોડાસા દ્વારા કૃષ્ણપ્રિય કદમના વૃક્ષારોપણથી ઉજવણી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હરીયાળુ મોડાસા આપણું મોડાસા નું અભિયાન જાયન્ટ્સ મોડાસા દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે છેલ્લા પંદર દિવસથી ૩૦૦૦ થી વધુ વૃક્ષોનુ રોપણ કરવામાં આવ્યું છે આજે જન્માષ્ટમી ભગવાન કૃષ્ણના જન્મ દિન નિમિત્તે તેમના પ્રિય વૃક્ષ કદમના વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જાયન્ટ્સ મિત્ર મેહુલ જોષી નો જન્મદિવસ હોવાથી તેમના હાથે વૈદિક મંત્રોચાર સાથે પીપળા કદમ ના વૃક્ષનું પૂજન ઉમિયા મંદિર ના મહંત વિષ્ણુપ્રસાદ મહારાજે કરાવ્યું હતુંવૃક્ષારોપણ ની શરૂઆત કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના વા. ચેરમેન નિલેશ જોશી પ્રવીણ પરમાર. ભરત પરમાર. ચિરાગ શાહ રાકેશ ઉપાધ્યાય ચેતન તીર્થણી વિનોદ પટેલ અમિત કવિ સૌ સભ્યો જોડાયા

# પ્રધાનમંત્રીશ્રીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના સંદર્ભે વિડીયો કોન્ફરન્સથી બેઠક યોજીને સમીક્ષા કરી

## ગુજરાતના મુખ્યમંત્રીશ્રી,નાયબ મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ વર્ચ્યુઅલ બેઠકમાં સહભાગી થયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં કોરોના સંક્રમણ અને નિયંત્રણ-સારવારની સ્થિતીની રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાથે આ વર્ચ્યુએલ બેઠકમાં સહભાગી થતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પાછલા પાંચ મહિનામાં રાજ્ય સરકાર અને કોરોના વોરિયર્સે પૂર્ણ સમર્પણ, મહેનત સાથે આ વૈશ્વિક મહામારી સામે સફળ સંઘર્ષ કરીને સ્થિતીમાં અનેકગણો સુધારો કર્યો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વમાં દેશ આખો કોરોના સામે જંગ લડી રહ્યો છે અને આ લડાઇ સાચી દિશામાં જઇ રહી છે. આપત્તિને અવસરમાં પલટાવીને આ મહામારી સામે પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાત કોરોનાની મહામારીને હરાવવા પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતે ૭૬ ટકા જેટલા પેશન્ટ રિકવરી રેટ સાથે કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારમાં ઉલ્લેખનીય કામગીરી કરી છે તેની વિગતો આપી હતી.

તેમણે કહ્યું કે, રાજ્યમાં આજની સ્થિતીએ અંદાજે ૧૪ હજાર એકટીવ કોરોના કેસ સામે ૫૫ હજારથી વધુ લોકોનો સારવાર બાદ સાજા થઇ પોતાના ઘરે પણ ચાલ્યા ગયા છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦ લાખથી વધુ ટેસ્ટ કોરોના અંગેના કરવામાં આવ્યા છે તેની છણાવટ કરતાં કહ્યું કે, રાજ્યની કુલ વસ્તીના સાપેક્ષમાં દરરોજ દર ૧૦ લાખે ૪૫૬ જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

તેમણે ઉમેર્યુ કે, આટલી મોટી સંખ્યામાં ટેસ્ટીગની સુવિધાના હેતુસર ૩૪ સરકારી લેબોરેટરી સાથે ૫૯ લેબ કાર્યરત છે. આ ઉપરાંત દરેક જિલ્લા અને મહાનગરોમાં રેપીડ એન્ટીજન ટેસ્ટની પણ સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં લગભગ ૪૭ હજાર કોવિડ બેડ તેમજ ૨૩૦૦ વેન્ટીલેટર્સ પણ કોરોના સંક્રમિતોની સઘન-ત્વરિત સારવાર માટે કાર્યરત છે તેની વિગતે જાણકારી આપી હતી.

તેમણે અમદાવાદ મહાનગરમાં ખાનગી હોસ્પિટલો સાથે કોવિડ-૧૯ના દર્દીઓને વિનામૂલ્યે ઇલાજ સારવારના તેમજ અન્ય દર્દીઓના રાહત દરે સારવારના પી.પી.પી. મોડેલની સુપ્રીમ કોર્ટ, નીતિ આયોગ અને હાઇકોર્ટ પ્રસંશા કરી છે તેની વિગતો પ્રધાનમંત્રીશ્રીને આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં મોબાઇલ મેડીકલ વાન-ઘનવંતરી રથ દ્વારા નાગરિકોને ઘર આંગણે ઓ.પી.ડી. વ્યવસ્થા આપવામાં આવે છે તેની સફળતા વર્ણવતા કહ્યું કે, રાજ્યભરમાં આવા ૧ હજારથી વધુ ધનવંતરી રથના માધ્યમથી એક મહિનામાં બાવન લાખ લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં કોરોનાને કારણે થતા મૃત્યુ દરમાં પણ ૭.૮ ટકાથી ઘટાડો થઇને ૨.૧ ટકા સુધી નીચો લાવવામાં રાજ્ય સરકારને મળેલી કામયાબીનો ઉલ્લેખ કર્યો હતો.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ધનવંતરી રથ દ્વારા પોઝીટીવ કેસોની ત્વરિત જાણકારી, સંક્રમણ નિયંત્રણની સઘન તાલીમ, રેમ્ડીસિવિર અને ટોસીલીઝૂમેબ જેવી જીવન રક્ષક દવાઓની પૂરતી ઉપલબ્ધિથી આ મૃત્યુ દર નીચો લાવ્યા છીએ તેમ પણ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આગામી સ્વાતંત્ર્ય દિવસે રાજ્યમાં કોરોના વોરિયર્સના સન્માનના કાર્યક્રમથી આવા વોરિયર્સનું મનોબળ વધશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

તેમણે પ્રધાનમંત્રીશ્રીના સતત મળી રહેલા માર્ગદર્શન, દિશા-નિર્દેશોને પરિણામે આ મહામારી-પેન્ડેમીકનો હરાવવામાં દેશ સફળ થશે તેવો દ્રઢ વિશ્વાસ દર્શાવ્યો હતો.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, ગૃહના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતા સિંહ, પોલીસ મહાનિદેશક શ્રી ભાટીયા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી જયંતિ રવિ અને મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

# કોવિડ હોસ્પિટલના એમ્બ્યુલન્સ ચાલક અરવિંદભાઈએ કોરોનાને મ્હાત આપી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લીમાં કોરોનાનો વ્યાય ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જોવા મળતા કોરોનાનો કુલ આંક ૩૦૦થી વધુને પાર કરી ચુક્યો છે. ત્યારે આવા સમયે કોરોનાના દર્દીઓના સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ આર્શીવાદ સમાન નિવડી છે તેમા ત્યાં તબીબો અને પાયાના કામ કરતા એમ્બ્યુલનસ ડ્રાઈવર અને સફાઈ કર્મીઓની મહેનતને શ્રેય જાય છે.

મોડાસાની કોવિડ હોસ્પિટલના આવા જ એક કર્મચારી અરવિંદભાઈ ધોબી જે એમ્બ્યુલન્સના ચાલક છે. જેઓ પણ કોરોનાના સંક્રમણમાં આવતા હોસ્પિટલમાં સારવાર અર્થે રખાયા અને મજબૂત મનોબળથી કોરોનાને મ્હાત આપી ફરથી નોકરી ચાલુ કરવાની હિંમત દાખવી છે.

૫૫ વર્ષિય અરવિંદભાઈ છેલ્લા ૧૫ વર્ષથી સાર્વજનિક હોસ્પિટલમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. જેમાં ઘણા જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ઘર સુધી પંહોચાડવાની સેવા કરી છે. પરંતુ છેલ્લા માર્ચ મહિનાથી કોરોનાની શરૂઆત થઇ તો દિવસ-રાત જોયા વગર કોરોનાના દર્દીઓને ઘરેથી હોસ્પિટલ સુધી લાવવાની તેમજ દર્દીઓના સેમપ્લ પંહોચાડવાની કામગીરી કરી છે. આ અંગે વાત કરતા ડૉ. યજ્ઞેશ નાયક જણાવે છેકે કોરોના શરૂઆતના તબક્કામાં જયારે કોરોનાના સેમપ્લ લેવામાં આવતા તેને અમદાવાદ અને ગાંધીનગર પંહોચાડવાનું કામ અરવિંદભાઈ દ્વારા કરવામાં આવતુ હતું. ત્યારબાદ હિંમતનગર સીવિલ હોસ્પિટલમાં સેમપ્લ આપવામાં આવતા હતા, જયાં અત્યાર સુધી ૭૦૦૦થી વધુ સેમપ્લ પંહોચાડી કોરાનાના દર્દીઓને ઝડપી સારવાર મળે તે માટે કાર્યરત રહ્યા, આ ઉપરાંત કોરોનાના દર્દીઓને હોસ્પિટલ સુધી લાવવાનું અગત્યની કામગીરી સાથે જોડાયા પરંતુ એ સમયગાળા દરમિયાન અરવિંદભાઈ પોતે પણ કોરોનાના સંક્રમણમાં આવી ગયાને સારવાર અર્થે લવાયા તેમના મજબૂત મનોબળથી કોરોનાને મ્હાત આપી ફરી દર્દીઓની સારવારમાં લાગી જવાની હિંમત બતાવી છે જે ખરેખર પ્રશંસનીય છે. અહર્નિશ સેવારત આવા નાના કર્મચારીઓની સાચા અર્થમાં કોરોના વોરીયર છે.

# જરૂરીયાત - અપેક્ષામુજબનો સંબંધ




લગ્નજીવનમાં ઘણીવાર નાની નાની બાબતોને લઈને એકબીજાથી મનદુખ થતું હોય છે અને ત્યારબાદ અબોલા થઈ જતા હોય છે. એકબીજાતી રીસાઈ જવાની આ ક્રિયા લાંબો સમય તો રહેતી નથી, પણ મનમાં રહેવાનું ચૂકતી પણ નથી. પોતાની અપેક્ષાઓને એકબીજા સમક્ષ રાખવામાં કંઈ જ ખોટુ નથી. તમે એક સંબંધથી જોડાયા છોત્યારે તે સંબંધમાં એકબીજા માટે મનમાં કડવાશ ક્યારેય આવવા દેવી જોઈએ નહીં.એકબીજા પાસે અપેક્ષા રાખો તે સારી બાબત છે, પણ તેને બાહ્ય સ્વરૂપ આપવાની જરૂર હોતી નથી. જો આવેગમાં આવી જશો અને બંનેનો સ્વભાવ એકસરખો જ હોય તો લાગણીથી જોડાયેલા નાજુક સંબંધની ગાંઠ આ બોજને વધારે સમય બાંધીને રાખી શકશે નહીં.અગ્નિની સાક્ષીએ ફેરા ફરીને જોડાયેલા સંબંધને સમજવાની, તેને નવા વિચારોથી બાંધવાની જરૂર છે, તો જ તમારો સંબંધ ગાઢ બનશે.

એક ગરમ તો બીજુંનરમ

જ્યારે મનમાં કોઈ ગડમથલ ચાલતી હોય તો તે સમયે જીવનસાથીની ઈચ્છાઓને સમજવું ઘણું મુશ્કેલ બની જાય છે. તેવા સમયે જો સાથીને વધારે પરેશાન કરીએ તો મુશ્કેલીનો સામનો કરવાનો વારો સામેવાળાનો આવે છે. જ્યારે જીવનસાથી તેની મુશ્કેલીઓના દોષ તમારા પર ઢોળી દે છે ત્યારે વધારે દુઃખ થાય છે. તે તમને કારણભૂત ગણાવે છે. અહીં એક વાત સ્પષ્ટ છે કે, મોટાભાગના લોકો તેના જીવનસાથી પાસે તેની અપેક્ષાની ચર્ચા કરવાના બદલે,માત્ર અને માત્ર પોતાની ઈચ્છાઓ અને જરૂરીયાતોની વાતો કરીને સાથીના કાર્યની ઉપેક્ષા કરવા લાગે છે. આવા સમયે જ્યારે તમારો સાથી તમને સતત ફરીયાદ કરે ત્યારે શબ્દોના પ્રહાર કરવાના બદલે તેની ફરીયાદની પાછળ છૂપાયેલી તેની જરૂરીયાતોને સમજવા પ્રયત્ન કરવો જોઈએ.બેમાંથી એકને જ્યારે પણ ગુસ્સો આવ્યો હોય ત્યારે બીજાએ તેને શાંતિથી સાંભળવા અને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ, જો તમે આ પ્રકારનું વર્તન રાખશો તો તમારું આ વર્તન તમારા જીવનમાં આવનારી ખટાશ અને કડવાશ બંનેને મીઠાશમાંફેરવી દેશે.

તકલીફ અને જરૂરીયાતને સમજવાનો પ્રયત્ન

સાથીને તમારી વાત જણાવવાની અને તેની વાતને જાણવાની પણ એક પદ્ધતિ છે. સાથી સાથે વાતચિત દરમિયાન અને તેને શાંત કરવા માટે કેટલાક ઉપાય કામ લાગે એવા છે. જેમકે,

--- તમે તમારા જીવનસાથીને કહી શકો છો, કે તું ટેન્શનમાં છો, દુખી છો, તો મને જણાવ કે તેમાં હું તને કઈ રીતે મદદ કરી શકું......

---જીવનસાથીના મનમાં છૂપાયેલી વાતને જાણવા માટે પહેલા તેને સંબંધિત વિષયને લઈને તમારા વિચારો તેની સમક્ષ રજૂ કરો. ત્યારપછી તેમાં તમારા સાથીના વિચારો જાણો. સાથીના મનમાં જેના કારણે પરેશાની છે, તે અંગે તમારા જે વિચારો છે, તેની સાથે તે કેટલો સહમત છે, તે પણ જાણવાનો પ્રયત્ન કરો.

--- જ્યારે હું પાર્ટીમાં જાઉં છું ત્યારેતને ખૂબ એકલુલાગતુંહશે, જેવા લાગણીશીલ વાક્યો દ્વારા તેની સમક્ષ તમારા વિચારો રજૂ કરો અને પહેલા તેની વાતો સાંભળવા અને પછી તેમાં સુધારો લાવવા માટે તૈયાર રહો.

--- જ્યારે તમે તમારા જીવનસાથીની જરૂરીયાતો જાણવા માટે તૈયાર હો ત્યારે તમારા મનમાં તે અંગે રુચિ અને આગ્રહનો ભાવ પણ હોવો જરૂરી છે. માત્ર સાંભળવા ખાતર સાંભળી લેવાથી કોઈ ફરક પડતો નથી.

--- જ્યાં સુધી તમારો સાથી તેની વાત જણાવે નહીં ત્યાં સુધી તે અંગે કોઈ ધારણા કે ગેરસમજ બાંધી લેવી નહીં.કોઈપણ પરિસ્થિતીમાં એવું ક્યારેક કહેશો નહીં કે તે પણ આવું જ તો કર્યું હતું....મે તો આવું એટલા માટે કર્યું કે તે મને કહ્યું હતું...જેવા અનેક વાક્યો હોઈ શકે છે.આ પ્રકારની વાતો કરીને તમારો બચાવ કરવાનો પ્રયત્ન કરશો નહી. ક્યારેય એવું વિચારશો નહીં કે તે તમને કહી સંભળાવે છે, પણ હંમેશા એમ વિચારો કે તેઓ પોતાના મનની વાત તમને જણાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

મનની વાત જાણો

જે વાતો અત્યાર સુધી કરવામાં આવી તે તમારા સાથીની જરૂરીયાતોને સમજવામાં મદદરૂપ બનશે. હવે તમારે તેની જરૂરીયાતોને પૂરી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવું બની શકે કે તમારા સાથી તમને એમ પણ કહે કે, હું ઈચ્છું છું કે તું મારી સાથે થોડો સમય પસાર કર. એવા સમયે તેના વાક્યના ઊંડાણને સમજીને સામે એવો પ્રતિભાવ આપવો જોઈએ કે, મને એવું લાગે છે કે તું મારી સાથે વધારે સમય પસાર કરવા ઈચ્છે છે. જ્યારે આપણે સાથે હોઈશું તો શુ કરવાનું વધારે ગમશે.



આ પ્રકારની ચોખવટ પણ સાથી સાથે કરવી જોઈએ. કેવો સમય તમારી સાથે પસાર કરવા ઈચ્છે છે. જ્યારે સંબંધમાં ફરીયાદો વધી જાય ત્યારે તેની પાછળના મુખ્યકારણો પ્રેમ, સહયોગ અને સહવાસમાં અધૂરાપણું હોય છે. જ્યારે સાથી તમને કહે કે વધારે સમય સાથે વિતાવવો છે, તું મારી વધારે કાળજી લે, કે પછી હું ઈચ્છું છું કે તું હંમેશા મારી સાથે જ રહે, તેવા વાક્યોથી મુંઝાવાના બદલે તેના પરિણામ સુધી પહોંચીને તેના સમાધાન શોધવાનો પ્રયત્ન કરો. સાથે સમય વિતાવો, આ બધી બાબતોથી તેને આનંદ મળશે. તેના મનને જાણવાનો પ્રયત્ન કરો. તેનાથી તમને ખ્યાલ આવી જશે કે ક્યારે ક્યારે તેની સાથે સમય વિતાવવો જરૂરી છે.

વચન આપો

તમારા બંનેનો આનંદ જેમાં સમયેલો હોય તેવી વાતને પૂરી કરવાનું વચન તમારા સાથીને આપો. જ્યારે સાથીની પસંદગીને પૂરી કરો તો સાથે જ તેની સાથે વાતચિત દરમિયાન તમારી ઈચ્છાને પણ તેની સમક્ષ રજૂ કરો. તે સિવાય તેને જાણ કરો કે જ્યારે ગુસ્સામાં તે તમને જે વાક્યો કહે છે, જેમકે, તું હંમેશા આવું જ કરે છે, તારે આવું ના કરવું જોઈએ...વગેરે જેવા અનેક વાગ્યો તમને તકલીફ આવે છે.તમારા સાથીને જણાવો કે આ પ્રકારના વાક્યો કહેવાના બદલે સીધુ જ તેને જેની જરૂર હોય કે તેની જે ઈચ્છા હોય, તે તમને જણાવે, તેનાથી તમને વધારે આનંદ થશે.

એક વાતનું ખાસ ધ્યાન રાખો કે સંબંધમાં આવી નાની નાની બાબતો વધારે મહત્વ ધરાવે છે. યોગ્ય સંવાદથી પણ એકબીજાની જરૂરીયાતોને સમજવું તે પણ એક કળા છે. જેને શીખવું સહેલું છે, શીખી શકાય છે. આ દરમિયાન ધીરજ જાળવી રાખવી પણ ખૂબ જરૂરી છે.

# સાહિત્ય સરિતા




બકો જમાદાર ૧..... સ્વચ્છતા

વાર્તા નં: ૧

નમસ્તે બાળકો ,

ખૂબ ખૂબ પ્યાર સહિત ...અમારા સમય માં અમે બકોરપટેલની વાર્તા વાંચતા ને તેને માટે રોજ વર્તમાનપત્ર એટલે કે તમારૂ ન્યૂસપેપર માટે રાહ જોતા...

આજે આપણે બકોર પટેલની નવી પેઢીની શરૂઆત કરીએ..પણ બકોર પટેલ નામ તો ન રાખી શકીએ તેથી નવું નામ નવી પેઢીનું શું રાખીશું ..ચાલો .. “બકો જમાદાર “રાખી લઇએ.

બકોર પટેલની નવી પેઢી ગામડેથી શહેરમાં રહેવા આવી ગઈ.ધીરે ધીરે શહેરી પણું પહેરવેશથી લઈને ભાષામાં પણ આવી ગયું .બોલવામાં અંગ્રેજી છાંટ ને પહેરવામાં ટાઈ સૂટ ..હાથમાં લાકડી પણ કૂતરાંના ડરને લીધે .ગમે તેમ પણ બકરાની જાત એટલે ગભરૂ તો ખરા..! બાળકો નેકહેવાય કે સિંહ જેવી ગર્જના કર ને શું બકરી ની જેમ બેં બેં કરે છે..બાળકો બોલો બકરી થવું ગમે કે સિંહ..?એકવાર તે બહાર નીકળી પડ્યા.સમુદ્રકિનારે ફરવા..સાંજનો સમય છે ને જુએ છે દરિયાની સપાટીએ સૂરજ ઢળી રહ્યો છે..દરિયો સોનેરી રંગ સમો દેખાઈ છે આ ક્ષણને સમયને ક્ષિતિજ નો સમય કહે.આ સુંદરતા મનને ગમી ગઈ,પણ ક્યાંક કચવાટ પણ થયો લોકો ખાઈને ,ઠંડા પીણા પીને પ્લાસ્ટિક ,કાગળ,ને બીજો અનેક કચરો ફેંકી રહ્યા હતા.બકો જમાદાર બહુ દુખી થયા ને એમણે નક્કી કર્યુ કે આવતા રવિવારે તે આ જ સમયે આવીને સ્વચ્છતા માટે કંઈક કરશે ને...?તેઓ સૂઈ ગયા.

રવિવાર આવ્યો બકો જમાદાર નક્કી કર્યા પ્રમાણે પહોંચ્યા ને જે કચરો ફેંકે તે એક થેલી માં ભરે ને આમ કરતા જોઈ લોકો તો હસવા લાગ્યા મશ્કરી કરવા લાગ્યા..આમ એક પછી એક રવિવાર એમ બે મહિના ના આઠ રવિવાર ગયા. અને બકા જમાદારની ટોળીમાં બીજા દસ મિત્રો જોડાયા.હવે લોકોને પણ શરમ નડવા માંડી ને એમને પણ થયું આપણે ખરેખર સાર્વજનિક જગ્યા પણ આપણે આપણી જ સમજી લઈએ તો ..અને આમ ધીરે ધીરે દરિયાકિનારો સ્વચ્છ ને સુંદર રમણીય લાગવા લાગ્યો.

બકો જમાદાર દરિયા કિનારે લોકોના પ્રિય દાઢીચાચા બની ગયા.

બાળકો મને વચન આપો તમે પણ સર્વ સાર્વજનિક જગ્યા જેમકે રેલ્વે , રેલ્વે સ્ટેશન, બાગ, નદીકિનારા, મંદિર , મસ્જિદ, ચર્ચ,વગેરે સ્વચ્છ રાખશો. ગંદકી કરનાર ને શીખવશો...

મિત્રો મજા આવીને વાર્તામાં? તો આગળ પણ આપણે બકો જમાદારના સાહસોની વાર્તાઓનો આનંદ માણતા રહીશું.

વાર્તાના લેખક

જયશ્રી પટેલ

---

સાહિત્ય સરિતા..ધર્મ સંસ્કૃતિ..વાર્તા

ઘેલા સોમનાથ dev bhumi panchhal

સૌરાષ્ટ્રના પાંચાળ પંથકનાં રાજકોટ જીલ્લાનાં જસદણથી ૨૦ કિ.મી. દુર ઘેલો નદીનાં કિનારે બિરાજમાન શ્રી ઘેલા સોમનાથ મહાદેવ યાત્રાધામના અનોખા શિવલિંગની કથા જાણીએ.

કેવી રીતે શિવલિંગના રક્ષણ કરતા ઘેલો વાણિયો માર્યો ગયો તેની યાદમાં નામ પડયું સોમનાથમાંથી ઘેલાસોમનાથ. આવો જાણીએ આ મંદિરનો આશરે ૧૫મી સદી ૧૪૫૭ની આસપાસનો ઇતિહાસ છે.

વેરાવળ પ્રભાસપાટણ પાસે આવેલા સોમનાથ મંદિરને લુંટવા તથા મંદિરનો નાશ કરવા માટે એ સમયે મહમદ ગઝનીએ બે-ત્રણ વાર હુમલો કર્યો હતો.પરંતુ તેને તેમાં નિષ્ફળતા મળી હતી. એ સમયે જુનાગઢ ઉપર કુંવર મહિપાલની કુંવરી મીનળદેવી કે જે શિવભક્તિમાં તલ્લીન હતા અને મુસ્લિમ રાજાઓથી બચવા તેમણે શિવલિંગની સ્થાપનાં ભુગર્ભમાં કરી હતી અને ત્યાં જ પૂજા કરતા હતાં. આમ મીનળદેવીને ભોળાનાથમાં અપાર શ્રધ્ધા હતી. ઇ.સ.૧૪૫૭ની વાત છે. જ્યારે સોમનાથ મહાદેવ પર આક્રમણ થયું ત્યારે સોમનાથ દાદાએ સપનમાં આવી ને કહ્યું હતું કે મને પાલખીમાં લઇ જાવ. પરંતુ ૧૪૫૭ની આસપાસ ગુજરાત ઉપર મહમદ જાફરની આણ વરતાતી હતી તેણે ભુગભર્ગમાં જ્યોતિર્લિંગ છે તેની જાણ થતા આક્રમણ કર્યુ, પરંતુ તેની કુંવરી હુરલ મીનળદેવી સાથે મળી ગયેલ અને તેણે મીનળદેવીને તેનાં પિતાશ્રીનાં મનસુબાની જાણ કરી દીધી હતી. એજ સમયે મીનળદેવીને સ્વપ્નમાં આવ્યું અને તે મુજબ મીનળદેવી શિવની પાલખી અને ઘેલો વાણિયો પાલખી લઇને ત્યાંથી ભાગી નીકળેલા. આમ સોમનાથ દાદાની પાલખી દુર દુર નીકળી ગયેલ ત્યારે સુલતાનને ખરબ પડી કે શિવલિંગ તો સોમનાથમાં રહ્યું નથી. તેથી તેણે તેનું સૈન્ય સોમનાથ દાદાની પાલખી પાછળ દોડાવ્યું જયાં જયાં ગામ આવે ત્યાં તે ગામનાં ક્ષત્રિયો અને બ્રાહ્મણો તથા તમામ વરણ શિવલિંગ બચાવવા સૈન્ય સાથે યુધ્ધે ચડયા. આમ શિવજીની પાલખી સોમનાથ થી આશરે અઢીસો કિલોમીટર દૂર જસદણ તાલુકાનાં કાળાસર અને મોઢુકા ગામની વચ્ચે આવેલ નદી કિનારા સુધી પહોંચી અહીં શિવલિંગની સ્થાપનાં થઇ. સાથો સાથ આ મંદિરની સામે જ ડુંગર ઉપર મીનળદેવીએ સમાધિ લીધી. આ યુધ્ધ દરમ્યાન ઘેલા વાણીયાનું મસ્તક કપાય જવા છતાં સાત દિવસ સુધી લડ્યો હતો. સોમનાથ દાદાના શિવલિંગનાં રક્ષણ કાજે આવેલ અનેક લોકો માર્યા ગયા હતા. છેલ્લે જ્યારે યુધ્ધ મહમદ જાફર સૈન્યએ બધાં જ શિવભક્તોને ખતમ કરવાની આરે હતા. ત્યારે મહમદ જાફરે શિવલિંગ પર તલવારનાં ઘા મારીને શિવલિંગ ખંડીત કરી નાંખુ તેવું વિચાર્યુ પરંતુ શિવલિંગ પર તલવારનો ઘા મારતાની સાથે સોમનાથ દાદાના શિવલિંગ માંથી ભમરા નીકળ્યા હતા. તેણે મહમંદ જાફર અને તેના સૈન્ય ને ખતમ કરી નાંખ્યું હતું. સોમનાથ દાદાનાં શિવલિંગને બચાવવા ઘેલો વાણિયાનું મસતક ઘડથી અલગ હોવા છતા જાફરનાં સૈન્ય સામે લડયા હતા. તેથી મંદિરનું નામ ઘેલા સોમનાથ રાખવામાં આવ્યું. તેમજ નદીનું નામ પણ ઘેલો નદી રાખવામાં આવ્યું. આ યુધ્ધમાં હજારો ભક્તો મરાયા હતા. આમ આ જગ્યા અતિ પૌરાણિક ઇતિહાસ સાથે સંકળાયેલ છે. ઘેલા સોમનાથ મહાદેવનાં મંદિર સામે ડુંગર પર શ્રીમીનળદેવી બિરાજમાન છે. અહીંની એક લોક વાયકા મુજબ ઘેલાસોમનાથ દાદાની આરતી ચાલીતી હોય છે. ત્યારે પૂજારીએ મીનળદેવીની પણ આરતી ઉતારવી પડે છે. જો મીનળદેવનાં મંદિર તરફ જો આરતીનું ધુપેલ્યુ ન કરવામાં આવે તો એ દિવસની આરતીનું ફળ નથી મળતું. સાથે જ જો તમે ઘેલા સોમનાથ મહાદેવનાં દર્શન કરો અને મીનળદેવીના દર્શન ના કરો તો તમારી યાત્રા અધુરી ગણાય છે.

ઘેલા સોમનાથ મહાદેવ ના દર્શન કરવા માટે જો તમારે મંદિર ના ગર્ભગૃહ માં જવું હોય તો ફરજીયાત તમારે ધોતી પહેરવી પડે અને સાથે જ જળ અભિષેક કરવો હોય તો મંદિરનાં ટ્રસ્ટ દ્વારા શુદ્ધ પાણી પણ રાખવામાં આવે છે. જેનો કોઇ ચાર્જ લેવામાં આવતો નથી. સાથે જ પ્રસાદ માટે પણ કોઇ પણ પ્રાકરનો ચાર્જ લેવામાં આવતો નથી.

જો તમારે ઘેલાસોમનાથ દાદાનાં દર્શને જવું હોય તો રાજકોટથી ૮૦ કિલોમીટરનો રસ્તો છે અને જો તમે સુરત વડોદરા કે અમદાવાદ તરફથી આવો છો તો તમારે રોજકોટ નથી જવાનું, બગોદરાથી ધંધુકા અને પાળીયાદ થઇ ને વિંછીયા થી તમે ઘેલા સોમનાથ જઇ શકો છો.

શત શત નમન શુરવીરોને....

જય ભોલેનાથ.....

જય માતાજી.....

---

સાહિત્ય સરિતા..ધર્મ સંસ્કૃતિ..વાર્તા

ચમકેશ્વર મહાદેવ

સરસ્વતી નદીના પુર્વે કિનારે આવેલું ચમકેશ્વર મહાદેવનું મંદિર

સિધ્ધપુર સરસ્વતી નદીના પૂર્વે કિનારે અરવડેશ્વર મહાદેવની સામે ચંપાવતી નગરી આવેલી હતી તેના નામ ઉપરથી ચમકેશ્વર મહાદેવના ત્યાં સ્થાપના કરવામાં આવી હતી. વર્ષો પૂર્વે ત્યાં વૈષ્ણવ , વાણિયાઓ રહેતા હતા. ત્યારથી મહાદેવજીએ પરચો આપ્યો અને કહ્યું અહીં મારી સ્થાપના કરો ત્યારબાદ વૈષ્ણવ લોકો શ્રીનાથજીને પૂજતાં હતાં અને મહાદેવજીની પૂજા કરતા ન હતા તેથી મહાદેવજીએ ક્રોધે ભરી શાપ આપ્યો અને ચંપાવતી નગરી ખેદાનમેદાન થઈ ગઈ અને નામરશેષ થઈ ગઈ , ખાલી ચમકેશ્વર મહાદેવનું મંદિર બાકી રહેલું છે. જે મંદિરની સ્થાપના વૈષ્ણવ - વાણિયાઓએ કરેલી હોવાનું માનવામાં આવે છે.

આ ચમકેશ્વર મહાદેવનું મંદિર સ્માશનની વચ્ચોવચ આવેલું તેની આજુબાજુ મુસ્લિમ કબ્રસ્તાન તથા હરિજન લોકોનું સ્મશાન આવેલું છે , ચમકેશ્વર મહાદેવ સ્મશાનમાં રહે છે. ત્યાં ઘણાલોકોને પરચા આપેલા છે. તે જગ્યામાં એક અવાવરું ભોયરૂ આવેલું છે. ત્યાં ઘણા વર્ષો પૂર્વે ત્યાં સંતો રહેતા હતા તેની બાજુમાં હનુમાન દાદાની પ્રાચીન મૂર્તિ આવેલી છે. આ જગ્યા વેરાન જંગલમાં આવેલી છે. અને પ.પૂ. દેવશંકર ગુરૂમહારાજ કહેતા હતાં કે , અરવડેશ્વરની પૂજા કરી શ્રી ચમકેશ્વર મહાદેવની પૂજા કરવાથી અનન્ય ફળ મળે છે. ઘણાવર્ષો પૂર્વે ચંડ અને મૂંડ નામના ત્યાં મહાભયંકર રાક્ષસ ચંડ ના પરથી ચાટાવાડા નામ પડેલ છે , તેમજ મૂંડના નામ પરથી મૂંડાણા નામ પડેલ છે. જે ચમકેશ્વર મહાદેવની ડાબી - જમણી બાજુ આ બન્ને ગામો આવેલા છે. આ જગ્યામાં એક ખારીધારિયાલથી બ્રાહ્મણ આવેલા જે ત્યાં રહેતા હતા. તેઓ પહાડી બંધો ધરાવતા હતાં તેમનું નામ સોમાભાઈ હતું તેઓ અનેક વિટમણામાં ફસાયેલા હતા તેથી પ.પૂ.દેવશંકરબાપાના કહ્યા પ્રમાણે દરરોજ અરવડેશ્વરની પૂજા કરી ચમકેશ્વર મહાદેવની પૂજા કરો તો તમારી બધી આધિવ્યાધિ ઉપાધિ દૂર થઈ જશે. ચાણસ્માથી દંતાલીવાળા સચ્ચિદાનંદ મહારાજ સિધ્ધપુર ફરતા - ફરતા આવેલા તે વખતે ગુરૂમહારાજ નદી કિનારા પર બેસી ગાયત્રી મંત્રનો જાપ કરતા હતા તેમને તેમનું કર્મ પુર્ણ કરી જોયું હે ભક્ત આપ ક્યાંથી પધારો છો ? ચાણસ્માથી પધારો છો તેવું દેવશંકરબાપાએ કીધું પછી આ ભક્તને તકલીફ હતી આ ભક્તને ૨૧ દિવસનું અનુષ્ઠાન ચમકેશ્વર મહાદેવમાં કરવાનું કહ્યું અને મંત્ર આપ્યો , આ મંત્રથી ભક્તને મગજની શાંતિ થઈ ગયેલ બાદમાં તેઓને કહ્યું કે , સરસ્વતી નદી ચમકેશ્વર મહાદેવની લુખાસણના હનુમાન જવાનો અને આ મંત્રનો જાપ કરવાથી તમામ આધિવ્યાધિ ઉપાધિ દૂર થઈ જશે. તે વખતે તેઓ સંત ન હતા ત્યારબાદથી તેઓ મહાન સંત કહેવાયા.

ધ્રુવ દવે / સિધ્ધપુર

# ખાંભા પો.સ્ટે.વિસ્તારમાંથી શ્રાવણીયો જુગાર રમતા સાત ઈસમોને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ



અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય સાહેબ નાઓએ જીલ્લાલમાંથી જુગારની બદીને સદંત્તર દુર સતત પ્રયત્નશીલ રહેલ હોય,અને આવા જુગાર રમતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડો કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, તેમજ જનમાષ્ટમી તહેવાર નિમીતે જુગાર અંગેની ખાસ ઝુંબેશ રાખેલ હોય, જે અન્વયે તા.૧૦/૦૮/૨૦૨૦ નાં રોજ ખાંભા પો.સ્ટે., વિસ્તારમાં એ.ટી.એસ.ચાર્ટર લગત કામગીરી તથા જનમાષ્ટમી તહેવાર અનુસંધાને પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગીરાહે બાતમી મળેલ કે, '' માલકનેસ ગામથી હનુમાનપુર જતા રોડ પર આવેલ શૈલેષભાઇ ઓતમચંદ દેસાઇની વાડી પાસે આવેલ ગીદડી નદીના કિનારે '' કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વળી પૈસા-પાના વડે તીન પત્તી નામનો હાર-જીતનો જુગાર રમે છે તેવી ચોક્કસ બાતમી આધારે અમરેલી એસ.ઓ.જી.નાં પો.સ.ઇ.શ્રી એમ.એ.મોરી તથા એસ.ઓ.જી.ટીમે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા સાત ઈસમોને શ્રાવણીયો જુગાર રમતા ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

રેઈડ દરમ્યાન પકડાયેલ ઈસમો

૧ રવજીભાઇ લક્ષ્મણભાઇ સાંખટ, ઉવ.૪૫, ધંધો.ખેતી, રહે.ડેડાણ, બસ સ્ટેશન પાસે, તા.ખાંભા જી.અમરેલી.

૨ વિજયભાઇ નનકુભાઇ કોટીલા, ઉવ.૪૨, ધંધો.ખેતી, રહે.ડેડાણ, SBI બેક્ર પાસે, તા.ખાંભા, જી.અમરેલી.

૩ ધર્મેશભાઇ નંર્મદાશંકર રાજયગુરૂ, ઉવ.૨૯, ધંધો.પ્રા.નોકરી, રહે હાલ-મુંબઇ, નાલા સોપારા મુળગામ – ડેડાણ, જીૈં બેક્રની બાજુમાં, તા.ખાંભા જી.અમરેલી.

૪ તેજસભાઇ હિંમતભાઇ ગોરડીયા, ઉવ.૩૫, ધંધો.ખેતી, રહે.ડેડાણ, મેઈન બજાર, તા.ખાંભા, જી.અમરેલી.

૫ હરેશભાઇ પરશોતમભાઇ દુધાત, ઉવ.૪૭, ધંધો.ખેતી રહે.ડેડાણ, જીૈં બેક્રની બાજુમાં, તા.ખાંભા, જી.અમરેલી.

૬ દિલુભાઇ જીલુભાઇ વરૂ, ઉવ.૪૨, ધંધો.ખેતી, રહે.નાગ્રેશ્રી, હેઠલી પાટી, તા.જાફરાબાદ, જી.અમરેલી.

૭ જગદીશભાઇ આત્મારામ કાપડી, ઉવ.૪૨, ધંધો.વેપાર, રહે.ડેડાણ, જીૈં બેક્રની બાજુમાં, તા.ખાંભા, જી.અમરેલી.

પકડાયેલ મુદામાલ

મજકુર પકડાયેલ સાતેય ઈસમો ખાંભા પો.સ્ટે. વિસ્તારનાં માલકનેસ ગામથી હનુમાનપુર જતા રોડ પર આવેલ શૈલેષભાઇ ઓતમચંદ દેસાઇની વાડી પાસે આવેલ ગીદડી નદીના કિનારે જાહેરમાં પૈસા તથા ગંજીપતાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતાં રોકડા રૂા.૧,૨૧,૮૫૦/- તથા મોબાઇલ ફોન નંગ–૭, કિ.રૂા. ૧,૦૧,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિ.રૂા. ૦૦/૦૦ એમ કુલ કિ.રૂા.૨,૨૨,૮૫૦/-નાં મુદામાલ સાથે ઝડપી પાડેલ, મજકુર પકડાયેલ સાતેય ઈસમો વિરૂધ્ધ ખાંભા પો.સ્ટે.,માં ગુન્હો રજી. કરાવી આગળની ઘટતી કાર્યવાહી અર્થે સોપી આપેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. અમરેલીના પો.સ.ઇ.શ્રી એમ.એ.મોરી તથા એસ.ઓ.જી.ટીમને શ્રાવણીયો જુગાર રમતા સાત ઈસમોને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે..

રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ

અમરેલી.

### રાજકીય કાવાદાવા વચ્ચે વિકાસના કામમાં ગેરરીતિના આક્ષેપ વચ્ચે કોંગ્રેસ સતાધારી સભ્યોને

# ગાંધીનગર મહાનગર પાલિકાનું તેંડુ પ્રમુખ સહિત તમામ કોંગ્રેસ સભ્યોને ૧૮ ઓગસ્ટના હાજર રહેવા તાકીદ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ધાનેરા કોંગ્રેસ શાસિત નગરપાલિકા એ આમ તો અનેક વિકાસ ના કામ કરેલ છે શહેર માં વિકાસ ની પરિભાષા જ બદલાઈ ગઈ છે બે વર્ષ માં શહેર માં અનેક વિકાસ ના કાર્ય થયેલ છે જે કામ ને લઈ વિરોધ પક્ષે આક્ષેપ કરતા ગુજરાત નગરપાલિકા ની કલમ ૩૭ મુજબ ૧૮ ઓગસ્ટ ના રોજ કોંગેશ નગરપાલિકા ના પ્રમુખ ઉપપ્રમુખ સહિત ૧૫ સભ્યો ને વિકાસ ના કામ ગેરરીતિ ના આક્ષેપ થતા ખુલાસા માટે ગાંધીનગર મહાનગર પાલિકા કમિશનરે કારણદર્શક નોટિસ પાઠવી અને ગાંધીનગર હાજર




રહેવા તાકીદ કરતાં શહેર માં રાજકીય ગરમી પકડી છે નગરપાલિકા કારોબારી ચેરમેન એ ગેરરીતિ બાબતે ઈનકાર કરી જણાવ્યું કે નગરપાલિકા માં બીજા ટર્મ ના પ્રમુખ ની ચૂંટણી નજીક હોવાથી કોંગ્રેસ સભ્યો પર દબાણ લાવવાનો ભાજપ આગેવાનો અને સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે ચાલુ કોંગ્રેસ બોડી એ એક પણ ગેરરીતિ કરી નથી માત્ર ને માત્ર આ આક્ષેપો રાજકીય કાવાદાવા જ છે અને કોંગ્રેસ નગરપાલિકા ની બોડી ને બદનામ કરવાનું કાવતરું છે .



આવો કોઈની મદદ કરીએ ગ્રુપ દ્વારા દર પંદર દિવસે હિંમતનગર ના બધા મોટા ચબૂતરા ઓ પર દાણા નાખવામાં આવે છે, ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત અને એમની ટીમ દ્વારા હિંમતનગર માં દર પંદર દિવસે અબોલ પશુ-પક્ષી માટે દૂધ,દાણા,બિસ્કિટ, પાણીના કુંડા,માછલી માટે લોટ ની વ્યવસ્થા કરવામાં આવે છે, ભારત દેશમાં ત્રણ-ચાર દાયકા પહેલાંના દરેક ગલી કે ફળીયાંમાં નાનો કે મોટો ચબુતરો લગભગ જોવા મળતો હતો. ભારતીય સંસ્કૃતિમાં પંખીઓને ચણવા માટે દાણા નાખવાનો અનેરો મહિમા છે, હવે એટલા ચબૂતરા નથી રહ્યા માટે પક્ષીઓ ને બહુ તકલીફ પડે છે, માટે આવો કોઈની મદદ કરીએ ગ્રુપ દ્વારા આ મુહિમ ઉઠાવી છે, આ કાર્ય મહાકાલ સેના ગુજરાત , હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા , રુદ્ર વાહિની સંઘ સાબરકાંઠા જેવા સંગઠનો ના સહકાર થી થાય છે. આપના આસપાસ ના વિસ્તાર ના ચબૂતરા માં દાણા - પાણીના કુંડા ની જરૂર હોય તો ૯૮૯૮૬૦૭૦૭૦ પર ડીટેલ વોટ્સએપ કરશો, આ કાર્ય માં સવરીનભાઈ પટેલ, કનુભાઈ દેસાઈ, વનરાજસિંહ રાઠોડ, પ્રતિકભાઈ પટેલ, કેતનભાઈ શ્રીમાળી, સુનિલભાઈ શાહ હાજર રહ્યા હતા

### મિલ્કત વારસાઈ માટે લાંચ માંગી

# અરવલ્લી એસીબીએ વિજયનગરના અંદ્રોખા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટીને ૧૦ હજારની લાંચ લેતા ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ભ્રષ્ટાચારની બદીએ માજા મૂકી છે મોટા ભાગની સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ સરકારી કામકાજ માટે જતા અરજદાર પાસેથી એનકેન પ્રકારે રૂપિયા પડાવી ખિસ્સા ગરમ કરી રહ્યા છે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકના અંદ્રોખા ગ્રુપ ગ્રામપંચાયત ફરજ બજાવતા તલાટી કમ મંત્રીને રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા અરવલ્લી એસીબીના પીઆઈ સી.ડી. વણઝારાએ અને તેમની ટીમે છટકું ગોઠવી ઝડપી લીધો હતો.એસીબીની ટ્રેપ થતા તલાટી કમ મંત્રી ગિરીશ લક્ષ્મણ ભાઈ પટેલને લાંચ લેવાનો નશો



ઉતરી ગયો હતો એસીબીની સફળ ટ્રેપ થી લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

વિજયનગર તાલુકાનાં અંદ્રોખા ગ્રુપ ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રી ગીરીશભાઈ લક્ષ્મણભાઈ પટેલે એક જાગૃત નાગરિક પાસેથી મિલ્કતમાં વારસાઈ કરાવવાના કામકાજ અર્થે ૧૦ હજાર રૂપિયાની માંગણી કરતા સમસમી ઉઠ્યો હતો તલાટીએ જાગૃત નાગરિકને મિલ્કતમાં વારસાઈ કરાવવાની હોય જે અંગે પેઢીનામુ તેમજ વારસાઈમાં નામ દાખલ કરાવવા કાર્યવાહી કરવા માટે ધરમધક્કા ખવડાવતા જાગૃત નાગરિક લાંચ આપવા માંગતા ન હોવાથી લાંચિયા તલાટી કમ મંત્રીને સબક શીખવાડવા જાગૃત નાગરિકે એસીબીનો સંપર્ક કરતા અરવલ્લી એસીબીએ ભ્રષ્ટ તલાટીને ઝડપી પાડવા માટે છટકુ ગોઠવ્યુ હતુ.અરવલ્લી એસીબીની ટ્રેપ અંગે અજાણ તલાટીએ ખિસ્સું ભરવા ૧૦ હજાર રૂપિયા લેતો રંગે હાથે ઝડપી પાડ્યો હતો અને એસીબીએ વધુ તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

# शिव का त्रिशूल!

शिव का त्रिशूल जीवन के तीन मूल पहलुओं को दर्शाता है। योग परंपरा में उसे रुद्र, हर और सदाशिव कहा जाता है। ये जीवन के तीन मूल आयाम हैं, जिन्हें कई रूपों में दर्शाया गया है। उन्हें इड़ा, पिंगला और सुषु6ना भी कहा जा सकता है। ये तीनों प्राणमय कोष यानि मानव तंत्र के ऊर्जा शरीर में मौजूद तीन मूलभूत नाड़ियां हैं 9 बाईं, दाहिनी और मध्य। नाड़ियां शरीर में उस मार्ग या माध्यम की तरह होती हैं जिनसे प्राण का संचार होता है। तीन मूलभूत नाड़ियों से ७२,००० नाड़ियां निकलती हैं। इन नाड़ियों का कोई भौतिक रूप नहीं होता। यानी अगर आप शरीर को काट कर इन्हें देखने की कोशिश करें तो आप उन्हें नहीं खोज सकते। लेकिन जैसे-जैसे आप अधिक सजग होते हैं, आप देख सकते हैं कि ऊर्जा की गति अनियमित नहीं है, वह तय रास्तों से गुजर रही है। प्राण या ऊर्जा ७२,००० विभिन्न रास्तों से होकर गुजरती है। इड़ा और पिंगला जीवन के बुनियादी द्वैत के प्रतीक हैं। इस द्वैत को हम परंपरागत रूप से शिव और शक्ति का नाम देते हैं। या आप इसे बस पुरुषोचित और स्त्रियोचित कह सकते हैं, या यह आपके दो पहलू तर्क-बुद्धि और सहज-ज्ञान हो सकते हैं। जीवन की रचना भी इसी के आधार पर होती है। इन दोनों गुणों के बिना, जीवन ऐसा नहीं होता, जैसा अभी है। सृजन से पहले की अवस्था में सब कुछ मौलिक रूप में होता है। उस अवस्था में द्वैत नहीं होता। लेकिन जैसे ही सृजन होता है, उसमें द्वैतता आ जाती है। पुरुषोचित और स्त्रियोचित का मतलब लिंग भेद से 9 या फिर शारीरिक रूप से पुरुष या स्त्री होने से 9 नहीं है, बल्कि प्रकृति में मौजूद कुछ खास गुणों से है। प्रकृति के कुछ गुणों को पुरुषोचित माना गया है और कुछ अन्य गुणों को स्त्रियोचित। आप भले ही पुरुष हों, लेकिन यदि आपकी इड़ा नाड़ी अधिक सक्रिय है, तो आपके अंदर स्त्रियोचित गुण हावी हो सकते हैं। आप भले ही स्त्री हों, मगर यदि आपकी पिंगला अधिक सक्रिय है तो आपमें पुरुषोचित गुण हावी हो सकते हैं। अगर आप इड़ा और पिंगला के बीच संतुलन बना पाते हैं तो दुनिया में आप प्रभावशाली हो सकते हैं। इससे आप जीवन के सभी पहलुओं को अच्छी तरह संभाल सकते हैं। अधिकतर लोग इड़ा और पिंगला में जीते और मरते हैं, मध्य स्थान सुषु6ना निष्क्रिय बना रहता है। लेकिन सुषु6ना मानव शरीर-विज्ञान का सबसे अहम पहलू है। जब ऊर्जा सुषु6ना नाड़ी में प्रवेश करती है, जीवन असल में तभी शुरू होता है। आप एक नए किस्म का संतुलन पा लेते हैं, एक अंदरूनी संतुलन, जिसमें बाहर चाहे जो भी हो, आपके भीतर एक खास जगह बन जाती है, जो किसी भी तरह की हलचल में कभी अशांत नहीं होती, जिस पर बाहरी हालात का असर नहीं पड़ता। आप चेतनता की चोटी पर सिर्फ तभी पहुंच सकते हैं, जब आप अपने अंदर यह स्थिर अवस्था बना लें।

सदगुरू

# કેશોદ રોટરી કલબના પ્રમુખ તરકે જીતેન્દ્ર પટેલ અને મંત્રી તરીકે ડો. સ્નેહલ તન્નાની વરણી




કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

રોટરી ક્લબ ઓફ કેશોદનો વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રેસિડન્ટ, સેક્રેટરી અને તેના બોર્ડ મેમ્બર્સનો વર્ચ્યુઅલ શપથવિધિ સમારોહ પાઠક સ્કૂલ ખાતે તારીખ ૯ને રવિવારનારોજના રોજ હાલની કોરોના મહામારીની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ, સોશ્યલ ડિસ્ટન્શનનુ પાલન કરી ખૂબ જ મર્યાદિત સભ્યોની હાજરીમાં સમારંભ યોજાયો હતો.

રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ના ઇઝઝ કો-ઓર્ડીનેટર શ્રી હિતેષભાઈ ચનિયારા એ નવનિયુક્ત પ્રેસિડેન્ટ જીતેન્દ્ર પટેલ, સેક્રેટરી ડૉ.સ્નેહલ તન્ના તથા તેના બોર્ડના સભ્યોને શપથ ગ્રહણ કરાવ્યા હતા.આ પ્રસંગે

રોટરી વર્ષ ૨૦૨૦-૨૧ ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી પ્રશાંતભાઈ જાની, રોટે. પ્રકાશભાઇ મહેતા અને રોટે. અજયભાઈ પંચમીયા ઓનલાઇન હાજર રહેલ.

રોટે. પૂર્વ ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ લાડાણીએ રોટરી ના આવનાર નવા વર્ષમાં સાથેનવનિયુકત પ્રેસિડન્ટ જિતેન્દ્ર પટેલ અને તેની યુવા ટીમ નવા સમાજ ઉપયોગી પ્રોજેક્ટ કરવામા ઉણા ઉતરશે નહી તેમ જણાવેલ હતું. પ્રેસિડન્ટ ઇલેક્ટ જીતેન્દ્ર પટેલે તેમનાં ઉદબોધનમાં ક્લબને નવી ઊંચાઈ પર લઈ જઈ લેન્ડ માર્ક સ્થાપિત કરવાની બાંહેધરી આપી હતી. સાથે સાથે ૨૦૨૦-૨૧ ની રોટરી થીમ "Rotary Opens Opportunities" ને ધ્યાનમાં લઈ કોઈપણ આવેલ તક ગુમાવ્યા વગર સમાજને મદદરૂપ થવા જે કંઈ કરવું પડે તે માટેની તત્પરતા દેખાડી હતી.

અંતમાં આભારવિધિ નવનિયુક્ત સેક્રેટરી રોટે. ડૉ. સ્નેહલ તન્ના દ્વારા કરવામાં આવી હતી.

## ભાદરવી પૂનમના મહામેળાને લઈ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રીનો મહત્વનો નિર્ણય

# કોરોના સંદર્ભે અંબાજી મંદિર અને ગબ્બર દર્શન તા. ૨૪ ઓગષ્ટથી તા. ૪ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે:કલેકટરશ્રી સંદીપ સાગલે

## પાલનપુર મુકામે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ભાદરવી પૂનમના મહામેળાને અનુલક્ષી બનાસકાંઠા જિલ્લા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી સંદીપ સાગલે દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે અંબાજી મંદિર અને ગબ્બર દર્શન તા.૨૪ ઓગષ્ટમથી તા.૪ સપ્ટેનમ્બર-૨૦૨૦ કુલ-૧૨ દિવસ સુધી બંધ રહેશે. તેની જાણકારી આપવા પાલનપુર કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. આ પ્રસંગે કલેકટરશ્રીએ મિડીયાને માહિતી આપતાં જણાવ્યું કે, કોરોના સંક્રમણને અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૭/૦૭/૨૦૨૦ની અનલોક ૩ ની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે તે મુજબ ધાર્મિક મેળાવડા, સામાજીક મેળાવડા, ધાર્મિક કાર્યક્રમો પ્રતિબંધિત છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારશ્રીના તા.૮/૮/૨૦૨૦ હુકમ મુજબ આગામી ભાદરવી પૂનમના મેળા દરમ્યાન મોટી સંખ્યામાં લોકો એકત્રીત થવાની તથા તેના કારણે સોશ્યલ ડીસ્ટન્સીંગનો ભંગ થવાની તથા કોરોનાનું સંક્રમણ વધવાની શકયતાઓ રહેલી છે. જેથી જાહેર આરોગ્યની જાળવણી માટે પગપાળા યાત્રાઓ, પદયાત્રિકો માટેના સેવાકેમ્પો, શોભા યાત્રા જેવી તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવા રાજય સરકારે હુકમ કર્યો છે.

કલેકટરશ્રીએ કહ્યું કે, આગામી ભાદરવી પૂર્ણિમાનો મહામેળો તા.૨૭/૦૮/૨૦૨૦ થી તા.૦૨/૦૯/૨૦૨૦ના સમયગાળામાં યોજાનાર હતો. આ ભાદરવી પૂનમના મહામેળામાં આશરે ૨૫.૦૦ લાખ થી વધુ યાત્રાળુઓ ગુજરાત તથા બહારના રાજયોમાંથી દર્શનાર્થે આવે છે. ગત વર્ષોના અનુભવો મુજબ ભાદરવી પૂનમના મેળા પહેલા ત્રણ થી ચાર દિવસોમાં અને મેળા બાદ પણ બે થી ત્રણ દિવસ યાત્રાળુઓની ખૂબ જ ભીડ હોય છે. અંબાજી ગામનો વિસ્તાર જોતાં દૈનિક ૩ થી ૪ લાખ યાત્રાળુઓ એકઠા થાય તો કોરોના વાયરસ સંક્રમણની પુરેપુરી શકયતાઓ રહેલી છે. મંદિર ખુલ્લુ રાખતા યાત્રાળુઓનો ધસારો વધી જાય તો કાયદો વ્યવસ્થા જાળવવી પણ ખૂબ જ મુશ્કેલ બને. આ તમામ વિગતો ધ્યાને લઈ તા.૨૪/૦૮/૨૦૨૦ થી તા.૦૪/૦૯/૨૦૨૦ કુલ-૧૨ દિવસ સુધી શ્રી અંબાજી મંદિર તથા ગબ્બરના દર્શન બંધ રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે.

કલેકટરશ્રીએ જણાવ્યું કે, યાત્રાળુઓની સગવડતા માટે યાત્રાળુઓને ઘરેબેઠાં ઓનલાઈન માતાજીના દર્શન-ગબ્બર દર્શન, યજ્ઞ દર્શન કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. તેમણે કહ્યું કે, માઈભકતોની ધાર્મિક આસ્થા જળવાઈ રહે તે માટે અંબાજી મંદિર દ્વારા પૂજા કરેલી ધજાઓ દર વર્ષે પગપાળા આવતા ૧૪૦૦ જેટલાં રજીસ્ટર્ડ સંઘોને ભાદરવી પૂનમીયા સેવા સંઘ ટ્રસ્ટ મારફત ધજાઓ પહોચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

આ ધજા દરેક સંઘ પોતાના રથ અથવા ગામના મંદિર ઉપર ધાર્મિક વિધિ સાથે અર્પણ કરે તેવી અપીલ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, ભાદરવી પૂનમ મેળાના સાત દિવસના સમયગાળા દરમ્યાન કોરોના વાયરસની મહામારી સામે રક્ષણ થાય તે માટે વિશ્વકલ્યાણ અર્થે મંદિર સંકુલમાં આવેલ યજ્ઞશાળામાં શાસ્ત્રોકત વિધિ વિધાન સાથે યજ્ઞ કરાવવામાં આવશે તથા માઈભકતો માટે ઓનલાઈન લાઈવ યજ્ઞ દર્શનની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે.

આ પ્રસંગે અંબાજી મંદિરના વહીવટદારશ્રી એસ.જે.ચાવડા, નાયબ માહિતી નિયામકશ્રી ડી.પી.રાજપૂત સહિત સારી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિકાસશીલ તાલુકાના પ્રભારી સચિવ શ્રી રૂપવંતસિંહની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઇ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૧૧ : દાહોદ જિલ્લા સેવા સદન ખાતે વિકાસશીલ તાલુકાઓ લીમખેડા અને ફતેપુરાના વર્ષ ૨૦૨૦-૨૧ માટેના આયોજનની સમીક્ષા બેઠક ગુજરાત સરકારના (ખર્ચ) નાણા વિભાગના સચિવશ્રી અને વિકાસશીલ તાલુકાના પ્રભારી સચિવ શ્રી રૂપવંતસિંહની અધ્યક્ષતામાં આજ રોજ યોજાઇ હતી. તેમણે બંને તાલુકાઓના વિકાસ માટેના સચોટ આયોજનની પ્રશંસા કરી હતી અને મહત્વનાં સૂચકાંકોને કેન્દ્રમાં રાખીને ઝડપભેર વિકાસ કામોમાં લાગી જવા જણાવ્યું હતું. બેઠકમાં લીમખેડા અને ફતેપુરા તાલુકાઓમાં આરોગ્ય, શિક્ષણ, સિંચાઇ, કૃષિ,પશુપાલન, માળકાકીય સુવિધાઓ વગેરે જેવા મહત્વનાં સૂચકાંકો બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આ બાબતની યોજનાઓમાં થયેલી કામગીરી અને પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. વિકાસશીલ તાલુકાઓના પ્રભારી સચિવ શ્રી રૂપવંતસિંહે વર્ષ ૨૦૨૦-૨૧ માટેના કરવામાં આવેલા આયોજનની સરાહના કરી હતી. તેમણે બંને તાલુકા માટેનું આયોજન ઉત્તમ અને સચોટ હોવાનું જણાવી કહ્યું હતું કે, ગત બે વર્ષના આયોજનનું પણ વહીવટી તંત્ર દ્વારા સરસ અમલીકરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષેના આયોજનને પણ તંત્ર દ્વારા સચોટ રીતે પૂરૂ કરવામાં આવે તો વિકાસશીલ તાલુકાઓમાં પ્રગતિ નોંધપાત્ર બનશે. બેઠકમાં સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે કેટલાંક મહત્વના સૂચનો કર્યા હતા. તેમણે અતિકુપોષિત બાળકોના પરિવારને દૂધાળા પશુ આપવા માટે સૂચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, જિલ્લામાં કુપોષણ મોટી સમસ્યા છે. અતિકુપોષિત બાળકોના પરિવારને દુધાળા પશુ આપવાથી તેમને રોજગારી મળશે. બાળકને રોજેરોજનું પોષણ મળશે અને કુંટુંબની સામાજિક સ્થિતિમાં સારો એવો ફર્ક જોવા મળશે.

જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડીએ બેઠકમાં એક પ્રેઝન્ટેશન દ્વારા બંને તાલુકાઓનું વર્ષ ૨૦૨૦-૨૧ માટેના આયોજનની રૂપરેખા દર્શાવી હતી. ઉપરાંત ગત બે વર્ષ દરમિયાન પૂર્ણ કરવામાં આવેલા વિકાસ કામો અને પ્રગતિ હેઠળના વિકાસ કામોની માહિતી આપી હતી. બેઠકમાં વિકાસશીલ તાલુકાઓના મહત્વનાં સૂચકાંકોની દિશામાં નક્કી કરવામાં આવેલા લક્ષ્યાંકોની પ્રાપ્તિ માટે કરવામાં આવેલા કાર્યો અને સિદ્ધિઓ વિશે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા ધારાસભ્ય શ્રી રમેશભાઈ કટારા , જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજ, જિલ્લા આયોજન અધિકારી શ્રી કે. એસ. ગેલાત, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ડી. બી. પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી ડો. કમલેશ ગોસાઇ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# અરવલ્લી ડીડીઓએ બે તલાટીને સસ્પેન્ડ કરતાં ગેરરીતિ આચરનાર તલાટીઓમાં ફફડાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા વિકાસ અધકારી ડૉ.અનીલ ધામેલીયા જીલ્લામાં વિકાસના કામોમાં થતા ભ્રષ્ટાચારને અટકાવવા સતત થઈ રહેલા વિકાસના કામોના સ્થળ મુલાકાત લઈ રહ્યા છે મોડાસા તાલુકાના ડુઘરવાડા ગ્રામ પંચાયતના તલાટી હાર્દિક મનોજ કુમાર ભટ્ટ અને મેઘરજ તાલુકાના મોટી મોયડી ગ્રામ પંચાયતના તલાટી એસ.એસ.ખરાડી ફરજમાં મનમાની અને બેદરકારી દાખવતા હોવાની ફરિયાદો ઉઠતા જેના પગલે જીલ્લા વિકાસ અધિકારીએ તપાસના આદેશ આપતા બંને તલાટી ફરજમાં કસુઆર જણાતા બંને તલાટીઓને સસ્પેન્ડ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે

પ્રાપ્ત માહિતી અનુસાર,મોડાસા તાલુકાના ડુઘરવાડા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી હાર્દિક મનોજ કુમાર ભટ્ટે ગ્રામ પંચાયતમાં સમાવિષ્ઠ સાગવા ગામે કૂવો ઉંડો કરવા માટે તા.૩ જૂન ૨૦૧૯ ના રોજ સામાન્ય સભામાં ઠરાવ કરી મંજૂરી મેળવવા માટે તાલુકા વિકાસ અધિકારીને મોકલવામાં આવતા મંજૂરી આપવામાં આવી ન હતી તલાટીએ ૨૦ સપ્ટેમ્બર-૨૦૧૯ ના રોજ ફરીથી વહીવટી મંજૂરી માટે દરખાસ્ત મોકલી આપી હતી અને વહીવટી મંજૂરી મળે તે પહેલા તો તલાટીએ ૨૩ જુલાઈ - ૨૦૧૯ માં ના રોજ વાઉચરથી રૂ.૧૪૨૦૦૦/- થી કરી દીધું હોઈ આ મામલે ફરિયાદ ઉભી થતા જીલ્લા વિકાસ અધિકારીએ નોટિસ આપી હતી અને એક માસમાં ખુલાસો કરવાની તાકીદ કરવા છતાં તલાટી કમ મંત્રી હાર્દિક મનોજ કુમાર ભટ્ટ યોગ્ય ખુલાસો કરવામાં નિષ્ફળ રહેતા તલાટીને સસ્પેન્ડ કરી દીધા હતા

મેઘરજ તાલુકાના મોટી મોયડી ગામે તલાટી તરીકે ફરજ બજાવતા એસ.એસ.ખરાડી મોટી મોયડી ખાતે આવેલ પ્રાથમિક શાળાની કંપાઉન્ડ વોલનું પેયમેન્ટ બે વાર કરવામાં આવ્યું હતું જે અંગે ફરિયાદ ઉઠતા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી અને તાલુકા વિકાસ અધિકારીની તપાસમાં બહાર આવતા તલાટીની બેદરકારી અંગેનો રિપોર્ટ જીલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવતા જીલ્લા વિકાસ અધિકારીએ તલાટીને એક માસ પહેલા નોટિસ આપી ખુલાસો માંગતા તલાટી કમ મંત્રી એસ.એસ.ખરાડી ખુલાસો આપવામાં નિષ્ફળ રહેતા તેમને નોકરી માંથી છુટા કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો જીલ્લામાં એક સાથે બે તલાટીને સસ્પેન્ડ કરવામાં આવતા કર્મચારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો

# દાહોદ જિલ્લાના તળગામોના નિયંત્રિત વિસ્તાર સહિત ધાર્મિક સ્થળોએ અમૃતપેય ઉકાળાનું વિતરણ




અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૧૧

કોરોના વાયરસ સામે બચાવ માટે આયુર્વેદિક ઉકાળા એક રામબાણ ઉપાય સાબિત થઇ રહ્યો છે. રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા નાગરિકો હોંશે હોશેં ઉકાળા સેવન કરી રહ્યા છે. ત્યારે દાહોદ જિલ્લાના આયુર્વેદ વિભાગ દ્વારા અંતરિયાળ ગામોમાં જયાં કોરોનાના કેસ નોંધાયા છે અને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે ત્યાં ઉકાળા વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત જિલ્લાના ધાર્મિક સ્થળો ઉપર પણ ઉકાળા વિતરણની કામગીરી કરી નાગરિકોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવામાં આવી રહ્યો છે. દાહોદ જિલ્લાના અપ્રતિમ પ્રાકૃતિક સૌદર્ય ધરાવતા ધાર્મિક સ્થળોએ લોકો દર્શનાર્થે આવતા હોય છે. આ ધાર્મિક સ્થળોએ પણ આયુર્વેદ વિભાગ દ્વારા ઉકાળા વિતરણની કામગીરી કરવામાં આવી રહી છે. દાહોદના પૌરાણિક બાવકા શિવ મંદિર અને ચોસાલાના કેદારનાથ મંદિરે અમૃતપેય ઉકાળાનું વિતરણ મુલાકાતે આવતા નાગરિકોને કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત જિલ્લામાં અંતરીયાળ ગામો જયાં કોરોનાના કેસ નોંધાયા છે ત્યાં પણ ઉકાળા વિતરણ કરવામાં આવી રહ્યું છે. આજ રોજ લખણપુર ગામે કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું.

# દાહોદ જિલ્લાને ગંદકી મુક્ત કરવાના અભિયાનનો આરંભ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૧૧

ગાંધીજીની સાર્ધ શતાબ્દીની ઉજવણીના અવસરે દેશભરમાં તા. ૮ ઓગસ્ટ થી તા. ૧૫ ઓગસ્ટ સુધી 'ગંદકી મુક્ત ભારત અભિયાન' ઉજવવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લામાં પણ આ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાને પણ ગંદકીમુક્ત બનાવવા અને સ્વચ્છતા બાબતની જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો તા. ૧૫ ઓગસ્ટ સુધી યોજવામાં આવી રહ્યા છે.

'ગંદકી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી સી.ડી. બલાત દ્વારા જનજાગૃતિના કાર્યક્રમ રોજેરોજ યોજાઇ રહ્યાં છે. જેમાં તા. ૮ ઓગસ્ટના રોજ જિલ્લાના સરપંચો સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં ઇ-રાત્રી સભા યોજવામાં આવી હતી. તા. ૯ ઓગસ્ટના રોજ વિવિધ ગામના સરપંચશ્રીઓએ ગામમાંથી પ્લાસ્ટીક એકત્રિત કરીને ગામમાં સફાઇ અભિયાન ચલાવ્યું હતું. જેમાં ગ્રામજનો સ્વેચ્છાએ જોડાયા હતા અને ગામને ચોખ્ખું ચણાક કરી દેવામાં સહયોગ આપ્યો હતો. તા. ૧૦ ઓગસ્ટના રોજ વિવિધ ગામોમાં શ્રમદાનની પ્રવૃતિ, જાહેર ઇમારતોની સાફસફાઇ-વ્હાઇટવોશ, ઓડીએફ પ્લસનું શિક્ષણ અને જાગૃતિ માટેના કાર્યક્રમો યોજાયા હતા. ઉપરાંત આ બાબતે માર્ગદર્શન મેળવવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૦૪૦૪ ની માહિતી પણ અપાઇ હતી.

આ ઉપરાંત આજ રોજ તા. ૧૧ ઓગસ્ટે ગ્રામ્ય કક્ષાએ જાહેર સ્થળો, દિવાલો ઉપર વોલ પેઇન્ટીગ દ્વારા ગ્રામજનોમાં સ્વચ્છતા બાબતે જાગૃતિ આણવાના કાર્યક્રમો યોજાશે. તા.૧૨ ઓગસ્ટના રોજ ગ્રામ્ય કક્ષાએ શ્રમદાન અને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૩ ઓગસ્ટના રોજ 'ગંદકી મુકત મારૂ ગામ' ના થીમ પર ઓનલાઇન ચિત્ર સ્પર્ધા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ વચ્ચે અને નિબંધ સ્પર્ધા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ વચ્ચે યોજાશે. તા.૧૪ ઓગસ્ટના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્વચ્છતા અંગેનુ આયોજન, તા.૧૫ ઓગસ્ટના રોજ સામાન્ય સભામાં ગામને ઓડીએફ પ્લસ ઘોષિત કરવાનુ રહેશે. આ સ્વચ્છતા અભિયાનમાં લોકો સ્વેચ્છાએ જોડાઇ રહ્યાં છે અને ગામને સ્વચ્છ રાખવાની જવાબદારી આપણી પોતાની છે એમ સમજી સહયોગ આપી રહ્યાં છે.

# બોલુંદરા શ્રી કૃષ્ણાશ્રમે યજ્ઞનારાયણ મંદિરે વિશેષ કૃષ્ણ પૂજા યોજાઈ



મોટી ઈસરોલ, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં મેશ્વો નદીના પાવન કાંઠે બોલુંદરા ગામે શ્રી કૃષ્ણાશ્રમે યજ્ઞનારાયણ મંદિરે પૂ. અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ દ્વારા વિશેષ કૃષ્ણ પૂજા દરમિયાન તુલસીપત્ર ઉપર ચિત્રણ કરાયેલ બંસીધારી બાલકૃષ્ણનું સુંદર ચિત્ર ભવિકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

જયાં એકધારા ૧૦૦ વર્ષથી ભગવાન યજ્ઞનારાયણની રોજપૂજા-અર્ચના નિયમિતપણે થાય છે એવા આ આશ્રમે અન્નક્ષેત્ર સહિતની સેવાઓ અને ધાર્મિક કાર્યક્રમો પ્રસંગોપાત ઉજવાતા રહે છે.અહીં ઋષિપરંપરાને અનુરૂપ આપણી મૂળ સંસ્કૃતિને જીવંત રાખતી વેદાંત સંસ્કૃત પાઠશાળા દ્વારા વેદ અને સંસ્કૃત શિક્ષણ અપાય છે અને આધુનિક વિજ્ઞાન યુગમાં પણ સંસ્કૃતના અભ્યાસ માટે સુવિધા સભર પાઠશાળા છે જયાં નિષ્ણાંત વિધાગુરુઓ દ્વારા માધ્યમિક અને ઉ.મા.સુધીનું શિક્ષણ અપાય છે.અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી હમેશાં ધમધમતા આશ્રમે દર્શન કરવાનો એક લ્હાવો છે.

# સિધ્ધપુરમાં આવેલા રણછોડ રાયજીના મંદિરમાં ૧૩૦ વર્ષથી ચાલતી ભજન કીર્તનની પરંપરા

ધ્રુવ દવે / સિધ્ધપુર

સિધ્ધપુર શહેરના મંડી બજાર વિસ્તારમાં ૧૫૦ વર્ષ જૂનું રણછોડ રાયજીનું મંદિર આવેલું છે , જે મહારાષ્ટ્રીયન સમાજનું શ્રદ્ધાનું કેન્દ્ર ગણાય છે.

આ મંદિરમાં ૧૩૦ વર્ષ પહેલાં દત્ત સ્વરૂપ પ.પૂ.વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ પવિત્ર શ્રાવણ માસમાં ચાર્તુમાસ કરવા સરસ્વતી નદીના કિનારે આવેલા હાટકેશ્વર મહાદેવના મંદિરમાં પધારેલા હતા ત્યારે રણછોડ રાયજીના મંદિરમાં દર્શન કરવા આવેલા ત્યારે મંદિરના પૂજારી કોરાને પરિવારના કૃષ્ણમય પુરકર ને એમના આગમન ની સ્મૃતિ તરીકે એક જોળીની ભેટ આપી હતી અને આર્શીવચન માં કહ્યું હતું કે રણછોડજી ભાવના ભૂખ્યા છે. ભક્તો ની ભક્તિ અને કિર્તન પ્રભુને ખૂબ ગમે છે , રણછોડજીની આરાધના થાય તેમાટે શ્રાવણ વદ એકમ થી સાતમ સુધી ભગવાન રણછોડ રાયજી નું અખંડ ભજન કીર્તન થાય તેવી પરંપરા ચાલુ કરાવી હતી. આ પરંપરા આજ દિન સુધી ચાલુ છે , મંદિરમાં જન્માષ્ટમી નો ઉત્સવ રંગે ચંગે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ શહેરોમાં વસવાટ કરતા ફ કલાકાર , રેડિયો કલાકાર , સંગીત કલાકાર , સરકારી અધિકારીઓ , ડૉક્ટર , વકીલ , એન્જીનીયર , ઝછ વગેરે અહીં પધારે છે. આ અંખડ ધૂનમાં ત્રણ ત્રણ કલાકની વારી હોય છે , જેમાં અલગ અલગ ભજન મંડળીઓ સવારના ચાર પ્રહર અને રાત્રીના ચાર પ્રહર એમ કુલ ૨૪ કલાકની અખંડ ધૂન ગુજરાતી , મરાઠી , હિન્દી ભાષાના ભજન કીર્તન શરણાઈ , ઢોલ , તબલા , હાર્મોનિયમ , મંજીરા જેવા વાજિંત્રો ના તાલ સાથે ભજન કિર્તન કરતાં હોય છે. સંત તુકારામ , પંચવટી ભજન , ગોળાણી , ભૈરવી રાગનું કીર્તન પણ રજૂ કરવામાં આવે છે.

આ સાત દિવસ દરમિયાન રણછોડ રાયજીને ગોપાલ કૃષ્ણ , વાલ્મિકી , પરશુરામ , મોહિની , બ્રહ્મા , વિષ્ણુ , જેવા આંગીઓ થી શણગારવામાં આવે છે.

વાસુદેવાનંદ સરસવતી મહારાજ દ્વારા આપવામાં આવેલી જોળી ( છાટી ) રણછોડ રાયજીના પહેલા પૂજારી કૃષ્ણ ભટ્ટ ને આપેલી હતી , આ ઉત્સવ દરમિયાન આ જોળી લઈ ભિક્ષા માંગવાની પરંપરા આજ દિન સુધી ચાલુ છે. ધોતી ઝભ્ભો અને જોળીનો પરંપરાગત પહેરવેશ પહેરી સિધ્ધપુરના મહોલ્લા માં ગોપાલ કૃષ્ણ ના જય ધોસ સાથે ભિક્ષા ગ્રહણ કરે છે અને આ ગ્રહણ કરેલી ભિક્ષા ને ભોજન પ્રસાદ તરીકે ઉપયોગ કરે છે.

મંદિરના પૂજારી મહેન્દ્રભાઈ એ જણાવ્યું હતું અત્યારે વૈશ્વિક કોરોના જેવી મહામારી ચાલી રહી છે ત્યારે ચાલું વર્ષે અખંડ નામ સ્મરણ સપ્તાહ સવારે ચાર વાગે થી રાત્રે દસ વાગ્યા સુધી રાખવામાં આવી છે અને કેન્દ્ર સરકાર અને રાજય સરકારના નીતિ નિયમ મુજબ સોશિયલ ડિસ્ટન્સ , માસ્ક અને સેનેટાઈઝર સાથે દર્શનાર્થીઓ આ ભજન કીર્તન નો લાભ લઈ રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.